
# અધ્યાત્મ

વર્ષ-૫
અંક-૧૧
ઓગસ્ટ-૧૯૮૪



# પંદરમી ઓગસ્ટનો ખાસ કાર્યક્રમ

પરમ પૂજ્ય મહાત્માશ્રી યોગેશ્વરજીના જન્મદિને તા. ૧૫-૮-૮૪ ને બુધવારે ગુજરાતના પ્રસિદ્ધ તીર્થધામ અંબાજીમાં સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી નીચે મુજબનો જાહેર કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સૌને ત્યાં પધારવા જાહેર આમંત્રણ છે.

૧. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું ખાત મુહૂર્તવિધી
 સવારે ૭-૩૦ થી ૧૦-૦૦
૨. પૂ. શ્રી યોગેશ્વરજીનું ષોડ્શોપચાર પૂજન
 સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦
૩. ધૂન અને પ્રવચન :- બપોરે ૩-૦૦ થી ૫-૦૦

સ્થળ :- વીસનગર પગપાળા વિશ્રામગૃહ શકિતભુવન સામે, દાંતારોડ-અંબાજી.

બહારગામથી આવનાર ભાઈબહેનો માટે તા. ૧૪-૮-૮૪ને મંગળવારે સાંજથી ઉતારાની સગવડ દાંતારોડ ઉપર આવેલા વીસનગર પગપાળા વિશ્રામગૃહમાં રાખવામાં આવી છે. તા. ૧૫-૮-૮૪ના રોજ ભોજનની પણ વ્યવસ્થા છે.

## પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનો ફાળો નીચેના સરનામે મોકલાવવા વિનતી છે.

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ.
C/O. શ્રી બાબુભાઈ વ્હોરા,
૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

नमो भगवते योगेश्वराय ।



**પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની એક લાક્ષણિક તસ્વીર**

પ્રાદુર્ભાવ-૧૫ ઓગસ્ટ ૧૯૨૧. લીલા સંવરણ-૧૮ માર્ચ ૧૯૮૪.

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેઓની ચોસઠમી જન્મજયંતિએ ભૌતિક દેહે આપણી વચ્ચે નથી. એ દુઃખદ ઘટનાની સ્મૃતિ ૧૫મી ઓગસ્ટ કરાવી જાય છે. પરંતુ હવે તેઓ સૂક્ષ્મસ્વરૂપે એવા વ્યાપક બન્યા છે કે ભક્તોનાં તન અને મન-એમની સ્મૃતિઓથી છલકાતાં રહ્યાં છે.

પ્રભુ, આજના મંગલદિને એટલી જ પ્રાર્થના કરીએ છીએ કે આપે આપેલ જીવન સંદેશ સદૈવ અમારા અધ્યાત્મિક પંથને દેદિપ્યમાન દીપક બનીને અજવાળતા રહે.

## પરમ તપસ્વીની મા સર્વેશ્વરી



તા. ૧૨-૭-૮૪ને ગુરુપૂર્ણિમાના દિને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ભક્તો ઉપર કૃપા કરીને, એકસો સોળમા ઉપવાસે પણ સતત સાત કલાક ઉદ્‌બોધન કર્યું. તે દિનની માની મંગલમય તસ્વીર.

પૂ. માનું તપ આજે ૧૩૪ મા (તા. ૩૧-૭-૮૪) દિને પણ ચાલુ છે. પૂ. માનું સાધનાત્મક લક્ષ્ય ઘણું ઊંચું છે. એટલે એમણે પુરુષાર્થ પણ વધુ કરવો પડે ને!

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૫ અંક : ૧૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| મનઃપૂતં સમાચરેત્ | યોગેશ્વરજી | ૩ |
| વાસ્તવદર્શી વ્યાવહારિક સંત શ્રી યોગેશ્વરજી | સંતપ્રેમી | ૫ |
| શ્રીમદ્ રાજચંદ્ર | ધૂની માંડલિયા | ૧૧ |
| કર્તવ્યનો યજ્ઞ | — | ૧૬ |
| જીવનનું પ્રધાન કાર્ય | સૂર્યકાન્ત લ. ભટ્ટ | ૧૭ |
| ભાવવાહી પત્ર | ગુલાબબહેન ભક્ત | ૨૨ |
| ખૂબ ભાવપૂર્ણ બની ગુરુપૂર્ણિમાની ઉજવણી | પિનાકીન જાની | ૨૫ |
| કૃપા | મા સર્વેશ્વરી | ૩૧ |
| હેત માણું | મુકુન્દ પારાશર્ય | ૩૨ |
| તોડ–જોડ | ડૉ. રણજિત પટેલ | ૩૩ |
| સાંપ્રતકાળના બ્રાહ્મશ્રેષ્ઠ ઋષિ–પ.પૂ શ્રી મુગટરામજી મહારાજ | શ્રીબાબુભાઈ વ્હોરા | ૩૪ |
| શ્રી રામકૃષ્ણ પરમહંસ–એક અવતારી મહાપુરુષ | નારાયણભાઈ જાની | ૩૮ |
| પૂ.શ્રી છે જ. પૂ.માશ્રી સર્વેશ્વરીની અનુભૂતિ | એક સાધક | ૪૩ |
| પૂ.માશ્રી સર્વેશ્વરીનો તપયજ્ઞ ચાલુ છે | સર્વેશ્વરી પદરેણુ | ૪૭ |
| "મારા દાદાજી મહાકવિ નાનલાલ" | જ્યોતિબેન જેરાજાણી | ૪૯ |
| પ.પૂ. શ્રી નારાયણ સ્વામી | શ્રીમણિભાઈ મ. દેસાઈ | ૬૦ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૫ ઓગષ્ટ–૧૯૮૪ અંક : ૧૧


## મનઃપૂતં સમાચરેત્

સામાન્ય રીતે એવું જ દેખાય છે. માનવને જે કાંઇ કરવાની ઇચ્છા થાય છે, આકાંક્ષા જાગે છે, એને એ કરી નાખે છે. એનો અમલ તરતજ, બને તો વિપળનાય વિલંબ વિના કરવા માંડે છે. તે કામ સારું કરે છે કે નઠારું, કરવા જેવું છે કે નથી કરવા જેવું, ઉત્તમ છે અથવા અનુત્તમ, એનો વિચાર ભાગ્યે જ કરે છે. કેટલીકવાર એને લીધે હર્ષાન્વિત બને છે, તો કેટલીકવાર શોકગ્રસ્ત. કોઈવાર લાભ મળે છે તો કોઈવાર નુકસાન. કોઇવાર ઉન્નતિ પામે છે તો કોઈકવાર અવનતિ. કોઈકવાર ઉલ્લાસને અનુભવે છે તો કોઇવાર પશ્ચાત્તાપની પાવક જ્વાળામાં જલવા લાગે છે.

જીવનમાં જે પણ કર્મોનું અનુષ્ઠાન કરાય તે શાંતિપૂર્વક કરાય એવી આવશ્યકતા છે. જે કાંઈ થાય એ આવેશ અથવા ઉશ્કેરાટમાં ના થાય, પરંતુ પૂરતા વિચાર સાથે આવેશ રહિત બનીને થાય એવું ધ્યાન રાખવાનું છે. માનવને મન મળ્યું છે. ચિંતનશક્તિ સાંપડી છે. નિત્યાનિત્યને, શુભાશુભને, સારાસારને, શ્રેય–અશ્રેયને સમજવાની નીરક્ષીર બુદ્ધિ મળી છે. એ એનો સમ્યક્

ઉપયોગ કરે એવી અપેક્ષા રખાય છે. માટે જ કહેવામાં આવ્યું, છે કે મનઃપૂતં સમાચરેત્. અર્થાત જે પણ આચરણ કરવામાં આવે તે મનથી પવિત્ર કરીને, નિર્મળ અથવા ઉદાત્ત બનાવીને કરવું. જે કરીએ એને આંખ મીંચીને કરવાને બદલે મનની એરણ પર ઘસીને કરવું.

મનઃપૂતં સમાચરેત્ શબ્દોનો બીજો સામાન્ય ભાવાર્થ પણ લઈ શકાય—એ ભાવાર્થ મન લગાડીને કર્મને કરવાનો છે. જે પણ કર્મ કરવામાં આવે તે કર્મ પૂરતા ઉત્સાહથી, બળથી, ભાવથી કરાવુ જોઇએ.

એ બંને ભાવાર્થોનો સમન્વય કરીને કહી શકાય કે પ્રત્યેક કર્મ ઉત્સાહ, લગન, ખંત, બળપૂર્વક વિવેકશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરીને કરવું જોઈએ. એવું કર્માનુષ્ઠાન માનવને માટે મંગલમય બની શકે. સુખશાંતિ પ્રદાયક થઈ શકે.

—યોગેશ્વરજી

*———*

* માણસ સાચા અર્થમાં મહાન ત્યારે બને છે કે જ્યારે
—આનંદભર્યા રહેવાનું મુશ્કેલ બનાવે એવી પરિસ્થિતિ હોય ત્યારે પણએ આનંદમાંજ રહે છે.
—અધીર કરે એવા સંજોગો હોય ત્યારે પણ ધૈર્ય જાળવે છે.
—બોલી નાંખવાનું મન થાય ત્યારે પણ મૌન રહે છે.
—વિરોધ કરવાનું મન થાય ત્યારે પણ અનુકૂળ થાય છે.

મહત્તાભર્યા જીવનને એક મંગલ સ્વસ્તિક ગણીએ તો આ ચાર મુદ્રા એમના ચાર છેડા થયા.



# વાસ્તવદર્શી વ્યાવહારિક સંત શ્રી યોગેશ્વરજી

સંતપ્રેમી

૧૯૭૮ના એપ્રિલ મહિનાની આ વાત છે.

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માતાજી જ્યોતિર્મયી ભાવનગર પધારેલ છે.

સાંજના ચાર વાગ્યાની સત્સંગની બેઠક મળી રહી છે. તે વખતે પૂ. શ્રીનો ઉતારો ગોળીબાર હનુમાનની નજીકના શ્રી વેણીભાઇ મહેતાના બંગલામાં છે.

બેઠક ખંડમાં દર્શનાર્થીઓ ને સત્સંગીઓ બે વિભાગમાં વહેંચાયેલ છે. વીસ પચ્ચીસ પુરુષો પૂ. શ્રીની બેઠકની સન્મુખ બેઠેલા છે. પૂ. માતાજીની બેઠકની બાજુમાં પંદરેક જેટલી બહેનો બેઠેલી છે.

પૂ. શ્રીના આગમનની પ્રતીક્ષા સહુ ઉત્સુકભાવે કરી રહ્યા છે.

બરાબર ચારના ટકોરે પૂ. મહાત્માશ્રી પોતાના ઉતારા ખંડમાંથી ધીમે પગલે બેઠક ખંડમાં પધારે છે. પાછળ પૂ. માતાજી આવે છે. સહુ સત્સંગીઓ ઊભા થઇને પૂ. શ્રીનું અભિવાદન કરે છે.

પૂ. શ્રી ખાસ ગોઠવેલા સોફા ઉપર પોતાની બેઠક લે છે. પછી ધીરેથી બધાજ સત્સંગીઓ ઉપર એક પ્રેમભર્યો દૃષ્ટિપાત કરે છે. વાતાવરણમાં બે મિનિટ માટે સંપૂર્ણ શાન્તિ પ્રસરી રહે છે.

પછી પૂ. શ્રી હંમેશની જેમ બોલે છે “ કોઇને કાંઇ પૂછવું હોય તો પૂછજો,” ફરી પાછી શાન્તિ સ્થપાય છે.

ત્યાં બહેનોમાંથી એક ત્રીસેક વર્ષની બેન ઊભી થઇ પુછવાની શરૂઆત કરે છે. પૂ. શ્રી તેની થોડી વાત સાંભળી, વચ્ચે જ અટકાવી કહે છે.

"બેન, તમારો પ્રશ્ન સંસારી બાબતનો લાગે છે એમાં અમે શું સલાહ કે માર્ગદર્શન આપીએ! કાંઇ સાધન–ભજન કરતાં હો અને મુશ્કેલી અનુભવતાં હો, તો પૂછો."

પેલી બેન અધવચ્ચેજ અટકી જાય છે. પરંતુ તેની આંખમાંથી અશ્રુબિંદુઓ ટપકવા માંડે છે. પૂ. શ્રીને તે બેનની વ્યથાભરેલી મુખમુદ્રા સ્પર્શી જાય છે. એમનામાં કારૂણ્યભાવ જાગ્રત થાય છે ને તેઓ એ બેન પ્રત્યે સહાનુભૂતિપૂર્વક કહે છે. "ચાલો તમારી શી મુશ્કેલી છે? કહો."

પૂ શ્રીએ આમ એકાએક પોતાનો પ્રશ્ન સાંભળવાની તત્પરતા બતાવતાં, તે પોતાનાં અશ્રુબિન્દુ સાડીના છેડાથી લૂછી નાંખે છે. પછી ઊભી થઇ કહેવા માંડે છે.

"મારે પતિ છે ને ત્રણ બાળકો છે. મારા પતિ પહેલાં કામ કરતા, પરંતુ હવે છેલ્લા છ આઠ માસથી બીલકુલ કામ કરતા નથી. મારે વૃદ્ધ સાસુ–સસરા પણ છે. મારા પતિ કંઇ કમાતા ન હોવાથી મારા વૃદ્ધ સસરા અમારા ગુજરાન માટે થોડી મદદ કરે છે. પરંતુ તેનાથી અમારૂં માણ માણ ચાલે છે. મારા પતિને હું સમજાવું છું કે તમે કંઈ કામ કરો. બાપુજી આપણને કયાં સુધી ખવડાવશે? એ તો વૃદ્ધ છે. આપણે એમને ખવડાવવું જોઇએ, તેને બદલે તેઓ આપણને ખવડાવે એ કેવું વિચિત્ર! ઉલટી ગંગાજ કહેવાયને?"

"મારા પતિ કહે છે. મને કંઇ કામ કરવાનું મનજ નથી થતું. હું ભગવાનનું નામ લઉં છું તેમાં વચ્ચે ના આવો. તેઓ બેવાર જમવા આવે છે. બાકી મંદિરો અને બગીચાઓમાં બેસી રહે છે ને સાંજે સત્સંગની બેઠકોમાં



જાય છે. હવે મારે શું કરવું? આપ એમને કંઇ સમજાવો જેથી અમારી મુશીબતોનો અંત આવે"

પૂ શ્રીએ ધીરેથી પૂછ્યું: 'તમારા પતિ અહીં અમારી બેઠકમાં પણ આવે છે?'

બાઇ માથું હલાવી હા પાડે છે. શરમથી એની આંખો નીચે ઢળી પડે છે. તે બોલે છેઃ અહીં આ બેઠકમાં આવેલા છે.

પૂ.શ્રી તે ભાઇને ઊભા થવા કહે છે. બધા સત્સંગીઓની પાછળ બેઠેલ તે ભાઇ ધીરેથી ઊભા થાય છે. તેમનાં કપડાં ને દીદાર એમની નબળી આર્થિક સ્થિતિની ચાડી ખાતાં જણાય છે.

પૂ.શ્રી કોઇ પણ પ્રકારના તિરસ્કારને બદલે સહૃદયભાવથી પૂછે છે, "કેમ ભાઈ, તમે કેમ કાંઇ કામ કરતા નથી?"

'મને કંઇ પણ કરવાની ઇચ્છા થતી નથી' તેમનો આ જવાબ ખરેજ વિચિત્ર છે. છતાં પૂ.શ્રી કહે છે. અરે ભાઈ! મન ન થતું હોય તો વાંધો નહિ તો પછી ખાવાનું મન થાય છે?

'એ તો થાય છે.'

"તો પછી એને સમજાવો કે એ ન થાય. પછી કમાવવાની ચિન્તાજ નહિ રહે."

એ સાંભળી પેલા ભાઈ શરમાય છે.

પૂ.શ્રી સહજ દૃઢતાથી કહે છેઃ "અરે ભાઇ, તમે નહિ ખાઓ, તોપણ તમારાં પત્ની, બાળકોને ખાવાનું તો જોઈશેને? તમે બ્રહ્મા બની જે સૃષ્ટિ ઉત્પન્ન કરી, તેને પાળવાનો બોજો હવે બીજાના ઉપર નાખવાનો! તમારાં જેવા જુવાનને આ શું શોભે છે?"

પેલા ભાઈ નત મસ્તકે સાંભળી રહે છે. પૂ.શ્રી ફરી આગળ બોલે છે "કહો પહેલાં શું કરતા હતા?"

“કાપડની ફેરી.”

“તો હવે કેમ નથી કરતા ?”

‘મને ભગવાનનું નામ લેવામાં વધુ રસ પડે છે, એટલે કશું કરતો નથી.’

પૂ.શ્રી હસીને કહે છે. અરે ભાઇ ! એમજ વાત છે; તો તો કંઈ વાંધો નહિ. ચાલો, આવતી કાલથી ફરી ફેરી શરૂ કરો. એમ કરવામાં કંઇ મુશ્કેલી પડશે ?’

પેલા ભાઈ માથુ હલાવી ના કહે છે.

‘તો એમ કરો. કાલ સવારથીજ કાપડની ફેરી કરવા નીકળી પડો. જે કાપડ તમે વેચો છો તે પણ બ્રહ્મ છે. ભગવાનનું સ્વરૂપ છે, વેચનાર તમે પણ બ્રહ્મનુંજ એક સ્વરૂપ છો ને લેનાર પણ ભગવાનનુંજ સ્વરૂપ છે એમ માનો. આમ તમારા મનમાં પણ સતત રટણ કરતા જાઓ. પછી તમારો એ વ્યાપારજ ભક્તિનું એક સ્વરૂપ બની જશે, બગીચામાં ખાલી બેસી જપ કરવાની પછી જરૂર નહિ પડે. બોલો, મારી વાત સમજાઈ ?’

તે ભાઇ પૂ.શ્રીની સામે જુએ છે. એ આંખોમાં કેવલ કરૂણા, સહાનુભૂતિ ને પ્રેમજ દેખાય છે પૂ.શ્રી ફરી મધુર સ્વરે પૂછે છે “ફેરી માટે શરૂમાં થોડા પૈસા જોઇએ, તો અમે આપીશું”

એટલું સાંભળતાં તે ભાઇની આંખમાં અશ્રુબિંદુ ઊભરાઇ આવે છે તે થોડીવાર પછી સ્વસ્થ થતાં કહે છે “ગુરુદેવ... હું બીજે સત્સંગોમાં જતો. તો ત્યાં મને કહેવામાં આવતું કે આ સંસાર મિથ્યા છે. એનાથી દૂર રહેવુંજ સારૂં. પરંતુ આજે આપે મારી આંખ ઉઘાડી. હું કાલથીજ ફેરી કરવા જઇશ. મને થોડા વેપારીઓ સાથે સબંધ છે, એટલે તેઓ મને ઉધાર માલ આપશે.”



પૂ.શ્રી તે ભાઇને શાબાશી આપતાં કહે છેઃ ‘સરસ. ભાઈ, આવો અધકચરો ત્યાગ કશું મેળવી આપતો નથી. તેને માટે તો ખૂબ તીવ્રતમ વૈરાગ્ય જોઈએ. અને તેમ છતાંય બધાંએ બાહ્ય ત્યાગ કરવાની આવશ્યકતાએ નથી. ચાલો, હવે કાલે સાંજે મને સત્સંગમાં કહેજો કે કેટલો વકરો થયો.’

તે ભાઇ ધીમેથી પોતાની બેઠક ઉપરથી ચાલીને પૂ.શ્રીની પાસે આવે છે. ને તેઓનાં શ્રીચરણોમાં પગે લાગે છે.

પૂ.શ્રી એમને આશીર્વાદ આપે છે. એમની પત્નીને આથી ખૂબ આનંદ થાય છે.

બીજા દિવસે સાંજે પૂ.શ્રી સત્સંગની બેઠકમાં પહોંચે છે તો પેલા ભાઈ એમની પાસે આવી પગે લાગે છે. પૂ.શ્રી તુરત જ ઓળખી જાય છે. ‘બોલો કેટલો વકરો થયો ?’–‘આજે પંદર રૂપિયા મળ્યા.’

“જુઓ, આજે તમે જે ખાશો તે તમારી જાત મહેનતનું. એનો આનંદ જુદોજ છે. વળી તમારાં પત્ની ને બાળકોને પણ હવે ઓશિયાળો રોટલો નહિ ખાવો પડે. ખરૂં ને !’ તે ભાઈની મુખમુદ્રા હસી રહે છે.

ત્યાં તો એમનાં પત્ની આગળ આવે છે ને પૂ.શ્રીના ચરણોમાં પગે લાગે છે. અત્યારે પણ એમની આંખમાં આંસુ છે પરંતુ તે દુઃખ કે વિષાદનાં નથી, પૂ.શ્રીની કરૂણાને સદુપદેશના પરિણામે એમના જીવનમાં થયેલા નવજીવનના સંચારનાં છે.

પૂ. શ્રી કેવા અદ્‌ભુત વ્યાવહારિક સંત છે, એની પ્રતીતિ એ બેનને તથા સત્સંગની તે બેઠકમાં હાજર રહેલ સહુને થાય છે.

* * *

પૂ. શ્રી યોગેશ્વરજીની જીવનદૃષ્ટિ કેટલી બધી વાસ્તવિક, વ્યવહારૂ ને અપરિગ્રહી છે. નાના નાના પ્રસંગોમાં તે જણાઈ આવે છે.

પૂ. શ્રી એકવાર હજામત કરી રહ્યા છે. હું પાસે બેઠો છું. અમારી વચ્ચે ભારતની રાજકીય પરિસ્થિતિની વાતો ચાલે છે. ત્યાં પૂ. શ્રી હજામત પૂરી કરે છે. પૂ. શ્રી ઊઠીને પાસેના નળે એલ્યુમિનિયમની હજામત માટેની નાની વાટકી ધુએ છે. વાટકી ઘણી જૂની દેખાય છે. પૂ. શ્રી તેને ધોઈને લૂછીને મૂકે છે.

હું કહું છું "મહાત્માજી, આ વાટકી ઘણી જૂની લાગે છે. હવે એને બદલી કાઢીએ. હું કાલે બીજી નવી લઈ આવીશ!

પૂ. શ્રી એ સાંભળી રહે છે. પછી ધીરેથી કહે છે. 'હજી તે કાણી નથી થઈ, એટલે બરાબર કામ આપે છે. પછી હમણાં એને બદલવાની શી જરૂર ?'

એટલું બોલી તે મારી સામે જોઇ સ્મિત કરે છે. હું એ મહાપુરુષના અપરિગ્રહી વાસ્તવદર્શી વ્યવહારને જોતો ઊભો રહું છું.

* * *

પૂ. શ્રી લગભગ ૧૯૭૯ સુધી અમારા ઘરે ઉતરતા. દર વર્ષે એમનો વીસથી પચ્ચીસ દિવસનો મુકામ તો ખરોજ. એ દિવસોમાં અમારા ઘરમાં ઉત્સવનું વાતાવરણ બની રહેતું. થોડી નવી ખરીદી પણ થતી. એમાં ખાસ કરી નવી ઓઢવાની ચાદરો, ઓસીકાનાં કવર, નવા રૂમાલ, નેપકીન સાબુ વગેરેનો સમાવેશ થતો.

પૂ. શ્રીની પથારી ઉપર અમારા ઘરમાં વપરાતી ચાદર અમે કદી પાથરતા નહિ. ઓસીકાના ગલેફો તેમજ ઓઢવાની ચાદર પણ બદલી નાંખતા. પણ પૂ. શ્રીનો વર્ષોથી એક નિયમ. સ્નાન કર્યા પછી પોતાના ધોતિયાથીજ પોતાનું અંગ લૂછે. અગર તો પોતાનું ધોતિયું ફાટી ગયું હોય તો તેના ટુકડાનો રૂમાલ જેવો કકડો કરી પહેરે અથવા લૂછવાના કામમાં લે.

( અનુસંધાન પાનાં ૧૫ ઉપર )



# શ્રીમદ્ રાજચંદ્ર–

## પરમાત્માની લગોલગ ચાલી રહેલ પરમ આત્મ પ્રવાસી

ધૂની માંડલિયા

મારા જીવનમાં શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટૉલ્સટ્રોય તથા રસ્કિન કરતાં પણ શ્રીમદે મારા ઉપર ઊંડી અસર કરી છે. ઘણીવાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઇનાય જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી (શ્રીમદ્ રાજચંદ્ર)ના જીવનમાંથી છે. તેમનાં લખાણોની એક અસાધારણા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં કયાંય કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં જોયું નથી.

—ગાંધીજી

કૃષ્ણઘેલી મીરાં જ્યારે ગાઇ ઊઠે કે "મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઇ' કે નરસિંહની આતમધૂન આમ છલકાય કે 'ભણે નરસૈંયો એનું દર્શન કરતાં કુળ ઇકોતર તાર્યાં રે' ત્યારે આપણી કીકી આગળથી જાણે વૈરાગ્યની એક ભાગિરથી સરી જતી હોય એમ અનુભવાય છે. સંતો અને જ્ઞાનીઓમાં જ્ઞાનનો સૂર્યોદય થતાં પહેલાં અભયનો આનંદસાગર ઉમટતો હોય છે. મેવાડનાં રાણી છડે ચોક ગિરિધર સાથેના તેનાં સગપણનું ગાણું ગાય કે એ જમાનામાં કોઈ નાગર ભક્ત નરસૈંયો હરિજન વાસમાં બેસી હરિ ધૂન ઉપાડે એ નાનીસૂની વાત નથી. અભયપણાના આ જ્વલંત દૃષ્ટાંતો છે. શ્રીમદ્ રાજચંદ્ર આ જ શ્રેણીના પ્રવાસીઓમાંના ધસમસતા પ્રવાસી છે. મુંબઇની ઝવેરી બજારમાંની હીરા માણેકની

ધીખતી પેઢીના થડા પર બેસનાર પુરુષ આવું બેધડક કહે કે "એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી. અમને કોઈ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી. કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી. વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી. જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી. કોઈ શત્રુ મિત્રમાં ભેદભાવ રહ્યો નથી. કોણ મિત્ર છે, કોણ શત્રુ છે એની ખબર રખાતી નથી. અમે દેહધારી છીએ કે કેમ? તે સંભારીએ ત્યારે માંડ માંડ જાણીએ છીએ. અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેમ નથી." શ્રીમદ્‌ની ભીતરની વિતરાગ દશા કે વિદેહી અવસ્થાનો અહીં સામાન્ય અણસાર જોવા મળે છે. પણ આ અવસ્થાના પ્રાગટ્ય કે પ્રસ્થાપિત થતાં પહેલાં વ્યકિતનાં કોષે કોષમાં નિર્વૈરપણું–કેવળ પ્રેમનો પમરાટ અનિવાર્ય બનતો હોય છે. આંતર–બાહ્ય જીવન વચ્ચે એકરૂપતા સધાયા સિવાય પરમાત્માની લગોલગ ચાલવું લગભગ અશક્ય છે. શ્રીમદ્‌ રાજચંદ્રનું અંતરંગ પોત કેવળ આત્મરંગી અને આત્મલક્ષી રહ્યું છે.

વિક્રમ સંવત ૧૯૨૪ના કાર્તિક સુદ પૂર્ણિમાના શુભ દિવસે સૌરાષ્ટ્રના વવાણિયા ગામમાં જગઉદ્ધારક શ્રીમદ્‌ રાજચંદ્રનો જન્મ થયો હતો. આદ્ય શંકરાચાર્યની વય જેટલી જ ટૂંકી વયમાં શ્રીમદે આત્મા–પરમાત્માનો આખો દરિયો ધમરોળી નાખ્યો છે. ૩૩ વર્ષના અલ્પ આયુકાળમાં કોઈ જાહેર ભાષણો કર્યા વગર તેમણે કેવળ અંગત પત્રવ્યવહારથી ગુજરાત–સૌરાષ્ટ્રમાં અધ્યાત્મનો સંદેશ ઠીક ઠીક સંખ્યામાં યોગ્ય પાત્રો સુધી પહોંચાડયો હતો.

તત્ત્વજિજ્ઞાસુઓની જ્ઞાન પિપાસાને પરિતૃપ્ત કરે અને આત્માર્થીઓના હૃદયમાં આત્મજ્યોતિ પ્રગટાવે એવા સમર્થ



જ્ઞાની છેલ્લી પાંચ સદીમાં કોઈ થયા હોય તો શ્રીમદ્‌ રાજચંદ્રનું નામ મોખરે મૂકવું પડે તેમ છે. તેમની અંતરંગ અસંગ, જીવન્મુક્ત, વૈરાગ્યપૂર્ણ વિદેહી, સહજ સમાધિયુકત આત્મમગ્ન, સહજાત્મ દશા પામવા માટે પંડે પહેલાં પાત્રતા કેળવવી પડે તેમ છે. પોતાની પાત્રતા વગર શ્રીમદ્‌ની સરવાણી પામવી કે પકડવી અશકય છે.

ધાર્યું હોત તો જગતને આંજી શકવા જેટલું ઘણું બધુ શ્રીમદ્‌માં હતું. શતાવધાની અને પછી સહસ્રાવધાની સુધી પહોંચવાનું શ્રીમદ્‌ માટે મહિનાદાડાનો ખેલ હતો. એકી સાથે એક સો ક્રિયાઓ કરી કે ભાવિના ભેદ જોવાની એમની જ્ઞાનદ્રષ્ટિ એટલી નિર્મળ હતી કે ચમત્કારીઓની પંગતમાં આગલી હરોળમાં એ સહેલાઈથી પોતાનું સ્થાન જમાવી શકયા હોત—પણ જેમાં આત્માની પીછાન કેન્દ્રે ના હોય કે આતમલગન ના હોય એવા કોઈ પણ ક્રિયા કે કસબ શ્રીમદ્‌ને સ્પર્શ્યાં નથી. એટલે તો નિર્ગ્રંથ મહાવિધાનમાં "જેણે આત્મા જાણ્યો એને સર્વ જાણ્યું" માં એમની શ્રદ્ધા પ્રારંભથી જ અચલ રહી છે.

શ્રીમદ્‌ રાજચંદ્ર પ્રતિક્ષણ જાગૃત રહ્યા છે. કોઈપણ ક્ષણે મોહ આપણને ગ્રસી લઈ શકે છે. એમાંથી બચવું સહેલું નથી. કાગડો–હરણ વગેરે કદાચ બચી શકે – કારણ એનું જ્ઞાન સીમિત છે. એટલો એમનો મોહ પણ સીમિત છે. જેમને રૂપ, સ્પર્શ અને ગંધના એક એક વિષયોમાં મોહ છે તે પણ ડૂબી ગયા તો જે પાંચે વિષયો દ્વારા મોહગ્રસ્ત છે તેનું બચવું તલવારની ધાર પર ચાલવા જેવું વિકટ છે. તુલસીદાસ કહે છે, "बाधवजू मो सम मंद न काउ" મારા જેવું મંદ બીજું કોઈ નથી; કારણકે પેલું પતંગિયું તો જાણતું નથી, પણ હું તો જાણતા છતાંય જાણતો નથી.

ભગવાન મહાવીરે કહ્યું કે, ગૌતમ, ક્ષણુમાત્રનો પણ પ્રમાદ ન કર, નિરંતર જાગતો રહે, સતત અપ્રમત રહે.

સતત જાગતા રહેવું એટલે આવેગના પ્રશ્નમાંથી છૂટી જવું. જે જાગે છે તેને આવેગ નથી આવતા. આવેગો જ મોક્ષ માર્ગના અંતરાયો છે, રૂકાવટો છે. મહાવીરનું સૂત્ર છે. "ખણું જાણુહિ પંડિએ" ક્ષણુને જાણો. વર્તમાનને પકડી રાખો. ભૂત અને ભવિષ્ય ભીરૂતા અને ઇન્દ્રિજન્યના લક્ષણો છે. શ્રીમદ્ રાજચંદ્રે પણ આ જ વાતને સ્વાનુભવ અને સ્વ તડપનથી આગળ દોહરાવી છે: શ્રીમદ્ કહે છે: "સત્પુરુષ એ જ કે જેને નિશદિન આત્માનો ઉપયોગ છે. શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે, અંતરંગ સ્પૃહા નથી, એવું જેનું ગુપ્ત આચરણ છે, બાકી તો કંઇ કહ્યું જાય તેમ નથી. મહાવીરની જ વાતને આગળ લઇ જતાં શ્રીમદ્ કહે છે કે "પ્રવૃત્તિ આડે આત્મા નિવૃત્તિનો વિચાર કરી શકતો નથી, એમ કહેવું તે બહાનું છે. જો થોડો સમય પણ આત્મા, પ્રવૃત્તિ છોડી પ્રમાદરહિત હંમેશાં નિવૃત્તિનો વિચાર કરે તો, તેનું બળ પ્રવૃત્તિમાં પણ કામ કરી શકે છે. પ્રમાદ તૂટે અને પ્રબળ પુરુષાર્થ ઉમટે તો અનાદિ કાળનાં કર્મો પણ બે ઘડીમાં નાશ પામી શકે છે."

લગભગ તમામ ધર્મશાસ્ત્રોનો સાર આ રહ્યો છે કે બહાર કશું જ નથી. જે કંઈ છે તે ભીતરમાં છે. સ્વમાં છે, પરમાં નથી. શાસ્ત્રોક્ત આ વિધાનને જીવ અનાદિ કાળથી સાંભળતો આવ્યો છે પણ સ્વબોધ થતો નથી આ સ્વબોધ માટે શ્રીમદ્ રાજચંદ્રે સત્પુરૂષની છત્ર છાયાને અનિવાર્ય લેખી છે. સત્પુરૂષની છત્રછાયા આત્માર્થીને ઘણી બધી ફોગટ રઝળપાટમાંથી ઉગારી લે છે. અમુક હદ સુધી સત્પુરૂષની આંગળી દિશાપ્રેરક હોય છે. શ્રીમદ્ સ્વાનુભવને ટાંકતા લખે છે. આત્માને સત્યરંગ



ચડાવે તે સત્સંગ. તેમની દૃષ્ટિએ સત્ પુરૂષનો સમાગમ–સત્સંગ એજ મોક્ષનું પરમ સાધન છે.

જીવને પરમાર્થ પામવામાં અપાર અંતરાય છે. શુભેચ્છાથી માંડી કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચતા ઠામ ઠામ તે અંતરાયો જોવામાં આવે છે. અને જીવને વારંવાર તે અંતરાયો પરમાર્થ પ્રત્યેથી પાડે છે. જીવને મહત્પુણ્યના ઉદયથી જો સત્સમાગમનો અપૂર્વ લાભ રહ્યા કરે તો તે નિર્વિઘ્ને કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચી જાય છે. એટલે જ પરમકૃપાળુએ પ્રબોધ્યું કે "વારંવાર બોધ સાંભળવાની ઇચ્છા રાખવા કરતાં સત્પુરૂષના ચરણુ સમીપમાં રહેવાની ઇચ્છા અને ચિંતના વિશેષ ફળદાયી છે."

(વધુ આવતા અંકે)

---

## વાસ્તવદર્શી વ્યાવહારિક સંત શ્રી યોગેશ્વરજી

(અનુસંધાન પાના ૧૦નું ચાલુ)

એ રૂમાલ ફાટે, ત્યારે તેનો નાનો ટુકડો રાતે સૂતાં પહેલાં ઓસીકા ઉપર પાથરે, જેથી ઓસીકાનો ગલેફ ગંદો કે તેલવાળો ના થાય. કેવી સૂક્ષ્મ જીવનદૃષ્ટિ!

રાતે સૂતાં પહેલાં પૂ. શ્રી મીઠાથી પોતાના દાંત રોજ સાફ કરે. પછી તેલના કચોલામાંથી બે આંગળી તેલવાળી કરી, પોતાના પગનાં તળિયે લગાડે. એમ કરતાં ખાસ ખ્યાલ રાખે કે એકપણ ટીપું જમીન પર કે કપડા ઉપર પડે નહિ. વળી તેલ એવી રીતે લગાડે કે એમના પગ પડવાથી કોઇ પણ કપડા કે જમીન ઉપર ડાઘ સુદ્ધા ન પડે. ખૂબ ઘસીને તેલ પગનાં તળિયે ઉતારી દે.

જીવનના નાના મોટા દરેક વ્યવહારમાં પૂ. શ્રીની સાદાઇ, સરલતા, સ્વચ્છતા ને ચોકસાઈનાં દર્શન થતાં. નાની નાની વાતો પણ એમની સાચી મહાનતાની દ્યોતક લાગતી.

# કર્તવ્યનો યજ્ઞ

જીવનની યજ્ઞવેદી.

સદ્‌વિચાર, સદ્‌ભાવ, સત્કર્મોની સમિધા:

આત્મતત્ત્વના અખંડ અગ્નિમાં, પરમાત્મપ્રેમના પાવન પાવકમાં, ક્ષણે ક્ષણે એમની આહુતિ આપું છું. એના ફળરૂપે સ્વર્ગનું સર્જન થાય છે, મધુ મળે છે, જીવન જડે છે.

મારી સાથે બીજા અનેકને માટે એ આહુતિ આશીર્વાદરૂપ ઠરે છે.

*

કોઈયે પ્રકારની કામના, લાલસા કે તૃષ્ણાથી પ્રેરાયા વિના, જેવી રીતે શ્વાસ લેવાનું સહજ છે એવી રીતે,

કર્તવ્યનો એ યજ્ઞ કર્યે જઉં છું.

યશ મળે કે અપયશ, સંપત્તિ મળે કે વિપત્તિ, હર્ષના પ્રસંગ હો કે શોકના, તોપણ એની પરિસમાપ્તિ નથી થતી ને નહિ થાય.

*

બીજા કોઈયે યજ્ઞને હું નથી જાણતો, મારા પ્યારા પ્રભુ! આ એકજ યજ્ઞ, તમારા પ્રેમનો યજ્ઞ જાણું છું, અને એ પણ જેવોતેવો, છતાંપણ ખાતરી છે કે તમારા અનુગ્રહ માટે એ પર્યાપ્ત થશે.



# જીવનનું પ્રધાન કાર્ય

પ્રવકતા:–પૂ. ડૉકટર સ્વામી
રજુઆત કરનાર:–સૂર્યકાંત લ. ભટ્ટ

"કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું?" (શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો–વાત–૧૯(૧૪) પાનું ૬)

ગઢડામાં તા. ૨૬–૪–૮૪ની રાત્રિ સત્સંગ સભામાં પૂ. શ્રી ડૉકટર સ્વામીએ ગામ લાખણકા અને આજુબાજુના ગામોના આવેલ યુવાન સત્સંગીઓને શ્રી ગુણાતીતાનંદજીના ઉપરોકત કથનને સ્પષ્ટ કરતાં સમજાવ્યું કે પૃથ્વીની શરૂઆતથી અત્યાર સુધીમાં અબજો માનવીઓએ જન્મ લીધા છે અને મર્યા પણ છે. તે સર્વેએ પૃથ્વી પર જન્મીને કાંઈક ને કાંઈક કાર્યો તો કર્યાં જ છે. પરંતુ જેમણે બીજાં કાર્યો કદાચ ઓછાં કર્યાં છે પરંતુ ઈશ્વર ભકિત અને ઈશ્વરનાં કાર્યો કરેલ છે, તેમનાં નામો લોકસ્મૃતિમાં ચિરંજીવ રહ્યાં છે, અને બીજાં ભૂલાઇ ગયાં છે. અનેક મોટાં મોટાં રજવાડાંઓ હતાં તેમને કોઇ યાદ કરતું નથી, પરંતુ નાનકડા વિસ્તારના જાગીરદાર દાદાખાચરને સૌ યાદ કરે છે; કારણકે તેમણે મહારાજ સાથે સંબંધ બાંધ્યો અને મહારાજનું કાર્ય કર્યું. આમ તેઓ બીજા અનેક રાજાઓની સરખામણીમાં નાના હતા, પરંતુ મોક્ષકાર્ય સુધારીને અમર નામના પ્રાપ્ત કરી ગયા. તેજ રીતે અનેક રાજાઓ થયા. તેમને કોઇ યાદ કરતું નથી. તેમના મોટા મહેલો આજે ખંડેર બન્યા છે કે ત્યાં

હોટલો થઇ છે. પરંતુ દાદાખાચરે મહારાજને અર્પણ કરેલ મહેલ, આજે અનેકને જીવનઆનંદ આપતું યાત્રાસ્થળ બનેલ છે. આપણી જ પેઢીના પાંચસો વર્ષ, અરે! સો બસો વર્ષ પહેલાં થયેલા વડવાઓ વિષે આપણે કાંઇ જાણતા નથી કે યાદ સુદ્ધાં કરતા નથી. પરંતુ એક ગરીબ અને સાધારણ ભણેલ ભકત નરસિંહને પાંચસો વર્ષ થયાં છતાં આજે સૌ તેને પ્રેમપૂર્વક યાદ કરે છે. તેનાં પ્રભાતિયાં પ્રેમપૂર્વક લોકો ગાય છે. તેની પાસે કોઇ વૈભવ, સત્તા કે ડીગ્રી ન હતી. પરંતુ બધા કામ મૂકીને હરિ ભજવાનું કાર્ય તેમણે કર્યું અને તેથી આપણે સહુ તેમને યાદ કરીએ છીએ, આટલાં વર્ષો વીત્યાં તોપણ! આમ ઈશ્વરનું કાર્ય કરનાર દરેક સંત મહાત્માને સૌ યાદ કરે છે. રાણીઓ તે ઇતિહાસમાં ઘણી થઇ ગઇ, પરંતુ સૌ મહારાણી મીરાંને યાદ કરે છે, કારણ તે પ્રભુની બની ગઇ.

પ્રાતઃસ્મરણીય પૂ. યોગીજી મહારાજ એક મનનીય ઉદાહરણ આપતાં કહેતાઃ "એક શેઠ ખૂબ પૈસાદાર અને મોટા કુટુંબવાળો હતો. મોટું કુટુંબ એટલે કપડાં સીવવા એક ખાસ દરજી રાખેલ તે કુટુંબના દરેક સભ્યોનાં કપડાં સીવે. આ દરજીને ભગવત્ કાર્યમાં શ્રદ્ધા અને રૂચિ હતાં. તે પોતાનું દરજી કામ કરતો જાય અને સાથોસાથ ભજન–કથા વાર્તા–પરમાર્થનું કામ પણ કરતો જાય. શેઠની ઉંમર ૭૫ વર્ષની થઈ, પરંતુ ધન કમાવા સિવાય તેને બીજા કશામાં રસ નહોતો. કદી ભજન, દેવદર્શન કે પરમાર્થના કામમાં તે ધન કે સમય વાપરતા નહીં. તે માંદા પડ્યા. માંદગી ગંભીર બની અને શેઠ બચે તેવી કોઇ આશા ન રહી. અને સૌ કહેવા લાગ્યા કે શેઠ હવે થોડા સમયના મહેમાન છે,



અને તે ધામમાં જશે. આ વાત પેલા દરજીએ સાંભળી. જોગાનુજોગ તેને (દરજીને) એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેને વૈકુંઠધામનાં દર્શન થયાં અને જોયું તો તેના પૂર્વજો પ્રભુના વાઘા વસ્ત્રો સીવતા હતા. દરજીએ તેમને પ્રેમપૂર્વક પગે લાગીને કાંઇ કામકાજ–ઇચ્છા હોય તો જણાવવા વિનંતી કરી. પૂર્વજોએ કહ્યુઃ "બીજું તો અહીં બરાબર છે, પરંતુ વાઘા સીવવાની સોય તૂટી ગઇ છે એટલે થોડીક સોયો મોકલજે." સવાર પડ્યું. દરજી વિચાર કરવા લાગ્યો કે કામ તો નાનકડું છે પરંતુ કરવું કઈ રીતે? વૈકુંઠમાં સોય પહોંચાડવી શી રીતે? ત્યાં તેને સાંભર્યું કે શેઠજી બિમાર છે અને હવે થોડા સમયમાં ધામમાં જવાના છે. એટલે તેની સાથે સોયો મોકલું. એટલે થોડીક સોયો ખરીદીને શેઠજી પાસે ગયો. પગે લાગીને ખબર અંતર પૂછીને તેણે કહ્યુઃ "શેઠજી, મેં આખી જીંદગી આપની અને આપના કુટુંબની યથાશક્તિ સેવા કરી છે. આપ એક મારું નાનકડું કામ કરી આપો તો ઉપકાર થશે."

શેઠ કહે–'અરે,–એમાં શું? તારી તો પેઢીઓની સેવા છે. થાય તેવું હશે તો જરૂર તારું કામ કરીશ–મૂંઝાયા વિના કહે."

દરજીએ વિસ્તારથી સ્વપ્નની વાત કરી સંભળાવી ને લાવેલ સોયો શેઠજીને આપીને કહ્યું; "શેઠજી, વૈકુંઠમાં મારા વડવાઓ પ્રભુનાં વસ્ત્રો સીવે છે તેમને આપી દેજો." શેઠ કહેઃ 'ભલે.' દરજી તો રાજી થતો ઘેર ગયો. આખરે પૂર્વજોનું કામ થશે અને શેઠ જેવા મોટા માણસે હા કહી એટલે કામ થયુંજ સમજો, તેવા સંતોષ અને ખાત્રીથી તે નિશ્ચિત બન્યો.

શેઠે પોતાની પાસે રહે તે હેતુથી સોયોને સંભાળીને ગાદલાંમાં ભરાવી દીધી. થોડીવાર પછી તેમને વિચાર આવ્યો કે હું મરી જઇશ ત્યારે ગાદલું તો સાથે નહી આવે એટલે સોય તો ત્યાંજ રહી જશે. એમ વિચારી ગાદલામાંથી સોયો કાઢીને ધોતીયા સાથે બાંધી દીધી. પરંતુ ઘડી પછી વિચાર આવ્યો કે આ ધોતીયું પણ સાથે નહીં આવે. અંતકાળે તે પણ કાઢી લેશે. વિચાર કરીને શેઠે સોય મોઢામાં મૂકી દીધી પરંતુ વળી વિચાર આવ્યો કે આ દેહ પણ બળી જશે. અને અને રાખ થઇ જશે. માટે સોય અહી રહી જશે. આવું વિચારતાં શેઠ મનમાં દુઃખી થવા લાગ્યા કે એક નાનકડું કામ પણ હું નહીં કરી શકુ ? તેણે તુરત દરજીને બોલાવીને કહ્યું "ભાઇ, વિચાર કરતાં મને લાગે છે કે હું તારૂં કામ નહીં કરી શકું. આ તારી સોય પાછી લે અને મને માફ કર." દરજીએ કહ્યું "શેઠજી, તમે આ બંગલાં મોટર, વાડી, વજીફો બંધુ સાથે લઇ જશો તો આ મારી બેચાર સોયમાં શુ ભારે પડશે ? મારા વડવાઓ પ્રભુનાં વાઘાવસ્ત્ર સીવે છે અને ત્યાં સોયની જરૂરત છે તો આ મારૂં એક નાનકડું કામ પણ નહીં કરો ? અને આતો પ્રભુનું કામ છે." શેઠજીના મનનો દરવાજો-અજ્ઞાનનો દરવાજો ખૂલી ગયો. અહો ! મારાં જીવનનાં પંચોતેર વર્ષ નકામાં ગયાં ! મેં મારી સાથે આવે તેવું કાર્ય કર્યું નહીં ? ન કર્યું નામસ્મરણ, ન કરી કથા વાર્તા કે ન કર્યું પરોપકાર અર્થે દાન. આ બધી માયા મૂડી જે મેં મારા માટે સાચું ખોટું કરીને ભેગી કરી છે, તે તો અહીંજ રહી જશે. તેણે દરજીને પૂછ્યું "હું આમાંથી કશું જ સાથે લઇ જઇ શકું તેમ નથી. હવે તું જ કહે કે મારે શું કરવું જોઇએ ?" દરજી કહેઃ આપણે પ્રભુને પ્રાર્થના કરીએ કે તે તમને થોડું વધુ આયુષ્ય આપે અને તે સમય દરમ્યાન તમે પ્રભુ ભજન, પ્રભુનું કાર્ય અને



પરોપકારનું કાર્ય કરજો. તે સિવાય બીજું કશું નહીં કરતા. બંનેએ મળીને પ્રભુને પ્રાર્થના કરી. શુભ સંકલ્પ માટે થયેલ પ્રાર્થના પ્રભુએ સાંભળી. શેઠજી સાજા થયા અને બે વર્ષનું આયુષ્ય વધુ મળ્યું. જે સમય દરમ્યાન તેમણે પ્રભુ સ્મરણ અને ભગવદ્ કાર્યો કર્યાં અને અંતે મોક્ષને પામ્યા.

આ વાત બતાવે છે કે માનવી ગમે તેવો મોટો કહેવાતો હોય, ગમે તેટલાં કાર્યો કરે પરંતુ એક પ્રભુનું કાર્ય ન કરે તો તેને મોક્ષ મળતો નથી. અને જીવનનું શ્રેષ્ઠ કાર્ય મોક્ષ મેળવવાનું છે. એટલે કરોડ કામ મૂકીને પણ એક મોક્ષનું કાર્ય સુધારવું. આપણે આપણી પાસેનાં અનેક કાર્યોમાં Priority નક્કી કરીએ છીએ. અને અગત્યનું કામ પહેલું કરીએ છીએ. (અધૂરૂં)

ગાંડપણ અથવા મૂર્ખતા એટલે માનસિક વિકાસનું અટકવું તે.

મનુષ્યને તેની પોતાની જાતનું જ્ઞાન મેળવવામાં સહાય આપવી અને એમાં પણ તેનાથી અજાણી રહેલી તેની પોતાની શકિતઓની તેને માહિતી આપવી, એના જેવો માનવસેવાનો કોઇ ઉત્તમ માર્ગ નથી.

મનુષ્યમાં જેટલા પ્રમાણમાં પ્રેમ ખીલેલો અને વિશાળ થયેલો હોય, તેટલા જ પ્રમાણમાં તેણે ઈશ્વરને ઓળખેલો અથવા તેને પ્રભુમય બનેલો સમજવો; કેમ કે પ્રભુ અપાર પ્રેમમય છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ઉપર પૂર્વાશ્રમનાં એક વડીલ બહેનનો

# ભાવવાહી પત્ર

ગુલાબબેન ભક્ત
ઈન્ડીપેન્ડસ અમેરિકા

પ. પૂ. મા,

તમારા પવિત્ર ચરણકમળમાં વારંવાર પ્રેમથી પ્રણામ.

પૂ ગુરુદેવના સંબોધન વગર પત્ર લખતાં ખૂબ જ દુઃખ અનુભવુ છું. સૂક્ષ્મ સ્વરૂપે સર્વવ્યાપક છે. મા, પૂ. શ્રીના દર્શન કરવાની મારી ખૂબ જ ઈચ્છા હતી. કાંઇ આજ્ઞા મેળવી એ રીતે જીવનમાં વ્રત નિયમ પાળવા, એમ વિચારતી હતી, ત્યાં એમના લીલા સંવરણના સમાચાર જાણ્યા. સાચુ ન માની શકાય, પૂ. ઇશ્વરભાઇને ફોન પર પૂછી ખાત્રી કરી લીધી. જે હકીકત હોય તેને સ્વીકારવી જ રહી, મનની આતુરતા દર્શન કરવાની મનમાં જ રહી ગઇ! પૂ. શ્રીના દર્શન માત્રથી દેશ વિદેશમાં કેટલાયે માનવોનાં જીવનમાં પરિવર્તન આવ્યું હશે. કેટલાયે જીવન પ્રભુ પંથે વળ્યાં હશે જીવન રાહ બદલાયો હશે. મા! એ બધાના જીવન કુસુમને ખીલવવાનું, પ્રેરણાના પીયુષ પાવાનું કાર્ય હવે તમારું છે. પૂ. શ્રીનો જીવનસંદેશ એમના સાધકોમાં, ભકતોમાં પહોંચાડવાનું કાર્ય હવે તમારુ છે. તમો સશકત હશો, તો આ કરી શકશો. તમારા આ ઉપવાસથી નાજુક કાયા કેટલી બધી સુકાઇ ગઇ!

ગૃહસ્થાશ્રમીઓ એમનો પરિવાર નાનો હોય છતાં માતા-પિતા પૈકી એક હોય તો પોતાના બાળકોની દેખભાળ રાખવા માટે પણ પોતાની કાળજી રાખે. પોતે સશકત હોય અને હિંમતવાળા હોય તો બાળકોના વિકાસમાં મદદરૂપ થાય,



ખૂબજ નાની આ વાત છે, પરંતુ મા! પૂ.શ્રીનો તો વિશાળ પરિવાર-દેશ-વિદેશમાં વ્યાપેલો છે. એ વિશાળ પરિવારની દેખભાળ રાખવાની, પ્રેરણા આપવાની તેઓને આગળ ડગલાં ભરાવવાનું મોટું કામ મા! હવે તમારું છે. બધા જ બાળકો તમારા તરફ મીટ માંડીને બેઠા છે. મા! તમારી ગુરુ-ભક્તિ વ્રત-નિયમ ગુરુપ્રેમ જોઇને ઘણાં પ્રેરણા મેળવશે. મેં 'પરમાર્થ પ્રકાશ' માં ગુરુ શિષ્યના પ્રેમ સંબંધ વાંચ્યા. આબેહૂબ એવો જ પ્રેમ, ભક્તિ અને સેવા તમારાં પૂ. શ્રી માટે રહ્યા છે. મા! તમે કેટલા મહાન, કેટલાં સદ્ભાગી કે સિદ્ધ મહાત્મા પ્રભુસ્વરૂપ પૂ.શ્રીની સાથે રહ્યાં! એમને આપે આપની નિર્મળ દૃષ્ટિથી, કઠોર વ્રત અને તપથી ઓળખ્યા, એમની મહાનતાને ઓળખી શકયાં અને એ લાભ કેટલાયે ભક્તસમાજનાં ભાઇ-બહેનોને અપાવી શકયાં. ઘણાંના જીવન આધ્યાત્મિક પંથે વળ્યાં. મા! એ કેટલું મહાન કાર્ય કહેવાય! તમે ન હોત તો અમે પૂ શ્રીને કયાંથી સમજી શકિયે, જાણી શકિયે! "માડી તારા આ ઉપકારો જીવન પર્યંત ભૂલાશે નહિ."

જૂન મહિનાનો અંક મળ્યો. પૂ.શ્રીના અસ્થિ વિસર્જનનો લેખ સજળ નયને વાંચ્યો. અસ્થિકુંભ ઊંચકતો તમારો ફોટો જોયો! મા! જોઇને રડી પડાયું. તમે ઉપવાસમાં શરીર ખૂબ જ સૂકવી નાખ્યું મા! પૂ.શ્રી ઉપવાસ છોડાવે, આજ્ઞા આપે અને પારણા કરો એવી મારી પ્રાર્થના. પૂ.શ્રી સાક્ષાત્ દર્શન દઇ વરદહસ્તે મુખમાં અન્ન દેવડાવે અને તમારા ઉપવાસ હવે જલ્દી પૂર્ણ થાય એવી પ્રભુને પ્રાર્થના. મા! તમારા આવા ઉપવાસો બાળકો કેમ જોઇ શકે! ગુરુદેવને હું સઅશ્રુ પ્રાર્થના કરું છું. "હે પ્રભુ! મા તો સાક્ષાત્ જગદંબા સ્વરૂપ છે. નિર્મળ, પાવન, પવિત્ર છે. આટલા બધા ઉપવાસો કરે અને

તમે કેમ દર્શન આપવામાં વિલંબ કરો છો! આવી કસોટી મા ની કરવાની હોય? માનો પ્રેમ અજોડ છે. સેવા ભક્તિ અજોડ છે. પ્રભુ, હવે તો પ્રગટો, માને દર્શન દઈ સ્વહસ્તે પારણા કરાવો.” પ્રભુ, જરૂર તમારી અને પાગલ બાળની પ્રાર્થના સાંભળશે. મા, જ્યાં સુધી તમે પારણા નહીં કરો ત્યાં સુધી હું પણ એક ટાઈમ જમીશ. સવાર સાંજ દૂધ કે ફળ લઈશ. મા! પ્રત્યક્ષ દર્શન કરવાની ખૂબ જ ઈચ્છા છે. ક્યારે પૂરી થશે! મારા માટે પૂ.શ્રી અને તમે એકજ છો. મારા લાયક કાંઈ પણ જણાવશો.

લિ. શુભાષિશ ઇચ્છતી
ગુલાબબેનનાં પાયેલાગણ

જે લોકો ભલાઇ પસંદ કરે છે, તેના ભલા માટે સારા જગતની પણ સર્વે વસ્તુઓ કામ કરે છે.

અનેક બ્રહ્માંડો અને સૃષ્ટિઓ જેના નિયમમાં છે, તે સર્વશક્તિમાન પરમાત્માના હાથમાં આપણી લગામ છે.

જેનું મન સદા પરમાત્માના સ્મરણ-ચિંતનમાં રહે છે, તેની સંભાળ પરમાત્મા પોતે રાખે છે.

અશુભદર્શીપણું એ નિર્બળતા છે અને શુભ દૃષ્ટિ મનુષ્યને સામાર્થ્ય તરફ દોરે છે.

જેનામાં નિર્બળતા હોય છે, તે જ બહારના વિવેક અને આડંબર રાખે છે.



# ખૂબ ભાવપૂર્ણ બની ગુરુપૂર્ણિમાની ઉજવણી

પિનાકીન જાની

પ. પુ. મહાત્માશ્રી યોગેશ્વરજીની ભૌતિક ઉપસ્થિતિ વિનાની આ પહેલીજ ગુરુપૂર્ણિમા. સહુ સાધક ભાઈબહેનો માટે પૂ.શ્રી ગુરુદેવ અને પૂ. મા સર્વેશ્વરીમાંના શ્રદ્ધા ને ભાવભક્તિની કસોટીરૂપ કહી શકાય. છતાં આ ધાર્મિક પર્વ પ્રસંગે, પ. પૂ. મા વડોદરા હતાં એટલે વડોદરા સત્સંગમંડળના ઉપક્રમે તા. ૧૨-૭-૮૪ના રોજ ઉજવણી કાર્યક્રમ રાખવામાં આવ્યો.

જાહેર રજા ન હતી. છતાં વિવિધ વ્યવસાયોમાં પડેલાં બસો કરતાં વધુ ભાઇબહેનો અનુકૂળતા કરીને, પૂ.શ્રી પ્રત્યેની શ્રદ્ધાભક્તિથી પ્રેરિત થઈને વડોદરા પધાર્યાં, એ કેવું કહેવાય! આ ભક્ત સમુદાયમાં વડોદરા ઉપરાંત મુંબઈ, વલસાડ, સુરત, બારડોલી, કપુરા, વિદ્યાનગર, અમદાવાદ, ગાંધીનગર, પાલનપુર, રાજકોટ, મોરબી ને ભાવનગરનાં ભાઇબહેનો હતાં.

શ્રી જીતુભાઇ ગાંધીના બંગલાના પહેલા માળ પરના મોટા બેઠક ખંડમાં પૂ.શ્રીની એક ખૂબ મોટી જીવંત લાગતી તસ્વીર ખાસ બેઠક ઉપર ગોઠવી હતી. પાસે બીજી નાની તસ્વીરો ને પૂ. શ્રીનાં ચરણારવિંદની તસ્વીરો પણ હતી.

પૂ. માએ બે યુવાનોને આજના ગુરુપૂજન માટે પસંદ કર્યાં. એક શ્રી અજય એન. જાની અને બીજા શ્રી વિજય

શાંતિભાઇ કનેરિયા. આજનું આ પૂજન શુદ્ધ શાસ્ત્રોક્તવિધિથી ખાસ પંડિતજીને બોલાવીને કરાવવામાં આવ્યું. પૂજનવિધિ ખૂબ ભાવપૂર્ણપણે આ યુવકોએ કરી. દોઢેક કલાક ચાલેલ આ વિધિ પૂરો થતાં શ્રી જીતુભાઈનો સમગ્ર આવાસ ભક્ત સમુદાયથી ઊભરાવા લાગ્યો.

પૂજાવિધિ પછી ગયા વર્ષની ગુરુપૂર્ણિમાના પર્વ પ્રસંગની ટેપ વગાડવામાં આવી. પૂ શ્રીના એ ધીર ગંભીર ને ભાવપૂર્ણ સુસ્પષ્ટ અવાજથી પૂ.શ્રીની સૂક્ષ્મ ઉપસ્થિતિ વરતાવા લાગી. ગુરુપૂર્ણિમાનો ઉત્સવ એટલે સાધક ભાઇબહેનો માટે પોતાના આધ્યાત્મિક વિકાસના સરવૈયાનો દિવસ. એ દિને નવા શુભ સંકલ્પો કરાય ને જીવન વધુ ને વધુ પવિત્ર, સાદું સરળ, સંસ્કારી ને સાધનામય બને તે માટેની પ્રવૃત્તિ આદરાય. શિષ્યમાં જો યોગ્યતા કે પાત્રતા હોય તો ગુરુ આપમેળે જ આવી મળે. એટલે પાત્રતા વધુને વધુ કેળવવા પર પૂ શ્રી ભાર મૂકતા.

આ પછી, પૂ. માના આદેશથી પૂ. શ્રીના જુના સંનિષ્ઠ વયોવૃદ્ધ ભક્ત શ્રી મૂળશંકરભાઈ જાનીએ ઉદ્‌બોધન કરતાં કહ્યું કે પૂ. શ્રીનું જીવન સહુ સાધકો માટે દીપક સમાન છે, જેના દ્વારા પ્રકાશ મેળવીને અવિદ્યારૂપી અંધકારના આવરણનો નાશ કરી, પરમની પ્રાપ્તિ કરી શકાય છે.

આજના દિવસે અચાનક પૂ.શ્રીનો ૧૯૫૧ના મે મહિનાનો શ્રીનારાયણભાઈ જાની ઉપર લખેલો પત્ર હાથ આવતાં, તેઓએ સાધકો સમક્ષ તે વાંચી બતાવ્યો. આજથી ચોત્રીસ વર્ષ પહેલાં પણ પૂ.શ્રી પોતાની સાધના અને જીવનકાર્ય વિષે કેટલા સુસ્પષ્ટ હતા, તેનું દર્શન પત્રમાં થયું. વળી



પૂ.માના અનુરોધના પરિણામે નર્મદા યાત્રા પછી, અધ્યાત્મનો ગ્રાહકો નોંધવામાં યુવાન ભાઇબહેનોનો સબળ ટેકો મળતાં, અધ્યાત્મ સારી પ્રગતિ કરી રહ્યુ છે. તે સહુ ભાઇબહેનોને તેઓએ અભિનંદન આપ્યા.

પૂ. માના ઉપવાસનો આજે ૧૧૯ મો દિવસ. ઉપવાસોનું વ્રત એકધારું ચાલે. કદીક દૂધ ને છાસ પર, તો કદીક ફળના ટુકડા કે નાળિયેરના પાણી પર, તો વળી કેવળ પાણી અને કદીક પાણી પણ બંધ ! કેવું અદ્‌ભુત ! ! માણુસની બુદ્ધિ ન સમજી શકે એવું. આમ પૂ. માએ સાધક ભાઇબહેનોને ખાસ ઉદ્‌બોધન કર્યું ને પૂ. મહાત્માજીના સાહિત્યનો ફેલાવો કેમ વિશેષ ને વિશેષ થાય તે જોવા અનુરોધ કર્યો. અધ્યાત્મના ગ્રાહકો પણ વિશેષપણે નોંધવા કહ્યું.

પરિણામે ૪૪ જેટલાં ભાઇબહેનોએ–ઓછામાં ઓછા દસ દસ ગ્રાહકો નોંધી લાવવાની જવાબદારી સ્વીકારી. ભાઈ આમત નંદુભાઇ ચાવાલાએ અમદાવાદની સાબરમતી સેંટ્રલ જેલની લાયબ્રેરીને પોતા તરફથી આજીવન સભ્ય બનાવી તો બારડોલીના શ્રી રાજેન્દ્રભાઇ ભટ્ટે આવીજ બીજી કોઈ સંસ્થા માટેનું આજીવન સભ્યપદની રૂા. ૨૫૧ની રકમ આપી.

પૂ. માએ આજના દિવસે આવેલ પ્રસાદને વડોદરાની રીમાન્ડ હોમની બાળાઓમાં વહેંચવાના શુભ સંકલ્પની જાહેરાત કરી, તો વડોદરાના પૂ. શ્રીના અનન્ય ભક્ત શ્રી જશભાઈ પટેલે પોતાના તરફથી આ બધીજ બાળાઓને પૂ. શ્રી ની સરળગીતા વહેંચવા આર્થિક સહાય આપી. આમ જે જે ભાઇબહેનોએ કંઇ ને કંઈ શુભ સંકલ્પ ને સદ્‌પ્રવૃત્તિનો ગુરુપૂર્ણિમાના પર્વદિનથી આરંભ કર્યો, એ સહુ અભિનંદનના અધિકારી બન્યા.

એ પછી પૂ.શ્રીના વિવિધ ફોટાઓનું પૂજન તેમજ પ. પૂ. સર્વેશ્વરી માને અભિવાદન–સાધક ભાઈબહેનોએ ખૂબ શ્રદ્ધાભકિતપૂર્વક કર્યું. તે પછી યોગેશ્વર બાવનીના પાઠ ને સંકીર્તન પછી સાંજે ચાર વાગે ભોજન માટેનો વિરામ શ્રી ચંપકભાઈશાહે જાહેર કર્યો, ત્યારે બહારગામથી આવેલ બધાજ સાધક ભાઇબહેનો માટે પૂ શ્રીને પ્રિય એવું ખીચડી, કઢી, શાક ને ઘીનું આયોજન શ્રી. જીતુભાઇ ગાંધીના પરિવાર તરફથી કરવામાં આવ્યું. સાધક ભાઇબહેનોએ ખૂબ પ્રેમપૂર્વક આ પ્રસાદનો આસ્વાદ માણ્યો.

ઉપવાસો દરમ્યાન સામાન્ય રીતે પૂ. મા ઘણા બધા કલાકો મૌન પાળે છે. પરંતુ આજે દૂર દૂર બહાર ગામથી આવેલ સાધકો ભોજન પછી મળવા આવતાં, ફરી પાછી સત્સંગની બેઠક શરૂ થઇ ગઈ! પૂ.માએ પૂ.શ્રીના લીલા સંવરણ પ્રસંગને ગૂંથી લેતા ૯૮ લીટીના સુંદર કાવ્યને ખૂબ ભાવભકિતપૂર્ણ સ્વરે ગાઇ સંભળાવ્યું. સાધકો એ સાંભળી પ્રસન્ન ને ધન્ય બની ગયા. પૂ.માની એ રજુઆત કૃષ્ણઘેલી શ્રી મીરાંબાઇની સ્મૃતિ સહુને કરાવતી રહી કેવી ઉચ્ચ ભાવના, પ્રેમ, ભકિત ને સમર્પણ જાણે બધાં સાકાર બની પૂ.મામાં પ્રકટી ઊઠયાં ન હોય એમ લાગ્યું! એકધારા સાત કલાકના પૂ.માના વાણીપ્રવાહે સાધકોને પ્રતીતિ કરાવી કે શ્રી પ્રભુની શકિતજ પૂ માના શરીરમાં કાર્યાન્વિત બની રહી છે. સહુ પ્રભુની એ શકિતને વંદી રહ્યા ત્યાં મારા મનમાં ધ્વનિ ઊઠ્યો.

નમું પુણ્યશ્લોક પૂજ્ય ગુરુદેવને,
નમું તપસ્વીની મા સર્વેશ્વરીને,
નમું પ્રભુની એ દિવ્ય શકિતને,
જે કાર્યાન્વિત બની, મા સર્વેશ્વરીને તને.



તપ ઉપવાસોનું બળ પૂરૂ પાડતી,
સંકટ સમસ્યાઓનું નિવારણ કરાવતી,
સત્યપથમાં ચંદનની વૃષ્ટિ વરસાવતી,
નમું પ્રભુની એ પુણ્યશકિતને
જે કાર્યાન્વિત બની, મા સર્વેશ્વરીને તને.

અરજી સુણો પ્રભુ, એટલી અમારી,
આપમહીંની શ્રદ્ધા ના ડગે અમારી,
હાથ ઝાલીને પ્રભુ, લેજો ઉગારી,
ભવોભવના અમ ફેરા સહુ ટાળી,

વારંવાર વંદુ એ દિવ્ય શકિતને.
જે કાર્યાન્વિત બની, મા સર્વેશ્વરીને તને.

શ્રી જીતુભાઇએ ૧૯૮૨ની શિબિર પ્રસંગે લેવાયેલ પૂ.શ્રીની વિડિયો કેસેટને રજુ કરી, પૂ.શ્રીની હરતી ફરતી યાદ તાજી કરાવી દીધી.

મેં વલસાડ જવા માટે રાત્રે ગાડી પકડી ત્યારે મારા મનમાં આ પંકિતઓનો પ્રતિઘોષ ઊઠી રહ્યો હતો.

વારંવાર વંદુ એ દિવ્યશક્તિને,
જે કાર્યન્વિત બની, મા સર્વેશ્વરીને તને.

*

[ ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂ.મા ઉપરનો
કૅનેડાથી તાર સંદેશ. ]

12-7-84

To,
Maa Sarveshwari,
Appriciate your blessings humbly Request to leave fasts Please take care of your health our humbly pranams and love to you on Gurupurnima.

From, Suresh, Vimla and
Parikh Suresh.
Canada

---


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઆઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧




## કૃપા

કૃપા કરીને ગુરુ અમારા,
આવ્યાં અમે સૌ શરણુ તમારા.

ચિત્તને જોડી ચિંતન કીધું,
સૂક્ષ્મ સ્વરૂપે સૂચન દીધું;
આશિષ માની કર્યું પ્રયાણુ,
લગાડી દીધું પ્રવાસે ધ્યાન. કૃપા કરીને.

છતાં થયું શું રસ્તામાં આવું ?
વિઘ્નનું વાદળ વચ્ચે જ આવ્યું;
તોયે ડગી ના શ્રદ્ધા અમારી,
છાયા તમારી મળી છે ન્યારી. કૃપા કરીને.

વિઘ્નોનાં વાદળ જીવનમાં આવે
ત્યારે અશ્રદ્ધા જો જો ના ફાવે;
સંકટ ના અમને કોઈ સતાવે,
કૃપા તમારી પંથ બતાવે. કૃપા કરીને.

—મા સર્વેશ્વરી



## હેત માણું

બેન, માધવની રીત હું શું જાણું ?
એને પૂછો જે કે છે કે હું જાણું.
કહું આટલું કાંઇ ના જાણું, હું એમનું હેત માણું. બેન૦

મારી જુઇને એકકેય ના ફુલ આવ્યું.
એને માધવે જોઈ, ના કાંઇ પાયું.
બીજે પ્હોરે એ ફુલથી ઝૂકી, સુગંધમાં ઘેન માણું. બેન૦

બેન, રાતે વગડે ગાય ગોતતી'તી
મળ્યા માધવ, કેઃ'બાઇ કયાં ઢૂંઢતી'તી ?
તારી ગાય તારે ઘરે તને ભાંભરતી, જા, સંભાળ ટાણું. બેન૦

હું તો વિરહે એકાન્તમાં રોતી'તી,
ઘડી આગમ તો તે ગમ હું જોતી'તી.
મને પાછળથી આંખ મીંચી પૂછયું કે બોલ, અલિ કોણ આવ્યું ?
બેન૦

મળ્યા મળતાં, એ કેમ તે ના જાણું.
એને રીઝવ્યાની રીત ના એક જાણું.
એનાં રુસણે, મિલને કે વિરહે હું એકલું હેત માણું. બેન૦

—મુકુન્દ પારાશર્ય

———



## તોડ—જોડ

મન ! તું સઘળાં બન્ધન તોડ.
મમતા ઉમાપતિ શું જોડ,
દિલની દુગ્ધા, માયા મોડ
માયા ઉમાપતિ શું ઓડઃ
મન ! તું સઘળાં બંધન તોડ.
આ મહતી માયા ને ચંચલ ચિત્ત શું ચકરાવ્યો !
સ્વલ્પ સુખને કાજે કેવા કૂડા તાપે તાવ્યો !
શાન્તિનું સ્વપ્નું ના દીઠું !
વકર્યાં કામના-કોડ :
માયા ઉમાપતિ શું જોડ,
મન ! તું સઘળાં બંધન તોડ.
આશાનાં આકાશ વિસ્તર્યાં, તૃપ્તિની શી વાત !
ભોગ તણા ભડકામાં સ્વાહા ! જીવતરની આ રાત !
બ્રાહ્મ મુહૂર્તે પ્રકાશ પ્રગટે, ઘન અંધારા ફોડ !
માયા ઉમાપતિ શું જોડ,
મન ! તું સઘળા બંધન તોડ.
અવસર આવો કદી ન આવે, દૈવ કૃપાનું દાન,
ઉત્ક્રાન્તિના ક્રમમાં કેવું લાધ્યો માનવ માન !
અમૂલખ અવસર એળે જાશે ?
મન્દિર બ્રહ્મ અજોડ !
મમતા ઉમાપતિ શું જોડ,
દિલની દુગ્ધા, માયા મોડ,
મન ! તું સઘળાં બંધન તોડ,

ડૉ. રણજિત પટેલ (अनामी)

# સાંપ્રતકાળના બ્રાહ્મણશ્રેષ્ઠ ઋષિ-પ. પૂ. શ્રી મુગુટરામજી મહારાજ

સંકલનઃ શ્રીબાબુભાઈ વ્હોરા

शूचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽपि जायते ।
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
ભગવદ્ ગીતા–અ.–૬

ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે કહ્યું છે કે યોગભ્રષ્ટ આત્માઓ પવિત્ર, શ્રીમંત કે યોગીઓના કુળોમાં જન્મ લે છે, અને પોતાના પૂર્વજન્મના સંસ્કારોને બળે પોતાની જીવનસાધનાના લક્ષાંક તરફ આગળ પગલાં માંડે છે ને છેવટે પરમધ્યેયને પ્રાપ્ત કરી લઇ, પોતાના જીવન–ધારણને સફળ કરે છે.

ભગવાન તરીકે પૂજાતા વડોદરા જિલ્લાના મંજુસરના શ્રી મુગુટરામજી મહારાજ પણ આવાજ એક પરમભાગવત મહાપુરુષ હતા.

એમના પિતાનું નામ આહિતરામભાઈ અને માતાનું નામ દિવાળીબા. સં ૧૯૩૦ના વૈશાખ સુદ ૫ ના દિવસે આ પવિત્ર બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો. પિતાના બ્રાહ્મણ સંસ્કારો ઉપરાંત પોતાના મામા શ્રી દાજી મહારાજ ઉર્ફે મોટા મહારાજનું માર્ગદર્શન ને આધ્યાત્મિક વારસો મળવાથી એમણે સાધના માર્ગે સુંદર પ્રગતિ કરી. પોતાના સદ્‌ગુરુ તરીકે શ્રીદાજી મહારાજને સ્વીકાર્યા. તેઓમાં એમની શ્રદ્ધા અચળ હતી. એમને એ પ્રભુસ્વરૂપ માનતા એ રીતે એમનું ધ્યાન કરતા.



બાળવયથીજ તેઓ મામાની દોરવણી નીચે ધ્યાનમાં બેસતા, ને એમનું મન સરળતાથી એકાગ્રતા અનુભવતું. આ જોઈ શ્રી દાજી મહારાજને એની ઉચ્ચ આધ્યાત્મિક યોગ્યતાની ખાત્રી થઇ ગયેલી. તેથી તેઓ કહેતા " મારો આ ભાણો મારું બધું કાર્ય કરશે. મોટા મોટા લોકો એના ચરણમાં પડશે ને ભવસાગર તરશે. "

શ્રી મુગુટરામજી મહારાજે ખાસ અભ્યાસ કર્યો ન હતો. ગુજરાતી બે ધોરણ પણ ભણ્યા ન હતા. આમ છતાં ધર્મનાં ઉત્તમ રહસ્યો, એમની સ્વાનુભૂતિના બળે, એમની વાણીમાં પ્રગટ થતાં.

પોતાની શૈક્ષણિક લાયકાત વિષે બોલતાં તેઓ રમુજમાં કહેતાઃ " હું તો ગુજરાતી બે ચોપડી પણ ભણ્યો નથી. મને કોઇ દશ રૂપિયાનો પગાર પણ ના આપે, એવી મારી શૈક્ષણિક લાયકાત ગણાય. છતાં ભગવાન ને મારા ગુરુની કૃપાથી મારૂં ખૂબ સુંદર રીતે ચાલે છે, તે સહુ જુએ છે."

ભક્તો ને સંતોનો સમગ્ર જીવન વ્યવહાર એમનું 'યોગક્ષેમ' પ્રભુજ ચલાવતો હોય છે, એવું આપણે જોઇએ છીએ. પૂ. મુગુટરામજી મહારાજની પાસે પણ અનેક પદવીધારી, ધનાઢયો ને રાજા મહારાજાઓ આવતા. અને યથાશકિત ભેટ સોગાદો ધરતા. આમ છતાં 'મહારાજશ્રી' માં ધન એકઠું કરવાની સહેજ પણ લિપ્સા ન હતી. એક પ્રસંગે વડોદરાના સયાજીરાવ ગાયકવાડ મહારાજશ્રીએ એમને વિનંતી કરેલી કે આપના ઘરનું બધુંજ ખર્ચ હું જીવન પર્યંત ભરપાઈ કરીશ. એથી આપને કોઇની પાસેથી કંઈ લેવાની જરૂર ન રહે. મને આપની એટલી સેવા કરવા દો.

અપરિગ્રહી ને નિસ્પૃહી મહારાજે તુરતજ કહ્યું, "હું તો કદી કોઈની પાસે માંગતો નથી. એટલે મારે તો કોઈ પાસેથી કાંઈ લેવાનું કે ના લેવાનું કેવી રીતે હોય ! પ્રભુ ને મારા ગુરુની મારા ઉપર એવી અપાર કૃપા છે કે મારે જ્યારે જે જોઇએ તે વસ્તુ આપમેળે આવી મળે છે. આપનો પ્રેમભાવ જ મારા માટે પૂરતો છે. એટલે આપ કૃપા કરીને મને કંઈ પણ ન મોકલતા."

તેઓશ્રી ગાયત્રીના પરમ ઉપાસક હતા અને કહેતા કે બ્રાહ્મણ પાસે ગાયત્રીમંત્ર જેવું અમોઘ ને અમૂલ્ય સાધન છે, છતાં એણે શા માટે દીન બનીને કોઇની સેવા કરવી કે માગવું જોઇએ ? પૂરી નિષ્ઠાથી ગાયત્રી માતાની ઉપાસના કરો તો બધા ચારે અર્થ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ સધાઈ જાય છે. પરંતુ આ સાધનનો નિષ્ઠાપૂર્વક ઉપયોગ ન કરે ને પછી બૂમો પાડે તો 'મા' તેને શી રીતે સહાયભુત થાય ?

તેઓ વળી કહેતા કે મારા ગૃહસ્થાશ્રમનું આ અઢળક ખર્ચ કેવી અદ્‌ભૂત રીતે ચાલે છે, તે પ્રભુનીજ કૃપા છે.

તેઓ કર્મકાંડ ને તપોનિષ્ઠ બ્રાહ્મણ કુટુમ્બમાં જન્મેલા હોવાથી, યજ્ઞો કરાવવાની તેઓને ભાવના રહેતી. યજ્ઞને તેઓ પરમાત્માના મુખ સમાન ગણતા. એટલે લઘુરુદ્ર ને મહારુદ્ર જેવા યજ્ઞો કર્યા કરતા. તેઓ શ્રી નંદકેશ્વર મહાદેવને પોતાના ઈષ્ટ માનતા. એટલે એકવાર ત્યાં અતિરુદ્ર જેવો મહાયજ્ઞ કરાવેલો. કહેવાય છે કે વસિષ્ઠ મુનિઓના જેવા યજ્ઞોની પરંપરા તેમને ત્યાં ચાલ્યાં કરતી. વિદ્વાન્ બ્રાહ્મણોનો તે સારો આદર કરતા અને બ્રાહ્મણો ભગવાન સિવાય કોઇનુંય દાસત્વ ન સ્વીકારે એમ ઇચ્છતા.



શ્રી મુગુટરામજી મહારાજ ગૃહસ્થી હતા અને એક તપોનિષ્ઠ આદર્શ ઋષિમુનિ જેવો ગૃહસ્થાશ્રમ એમણે જીવી બતાવ્યો. પરમાર્થની સાધનામાં ગૃહસ્થાશ્રમ બાધક નથી બનતો એ તેઓએ પોતાના જીવનદ્વારા સાબિત કરી બતાવ્યું એમના પુત્ર પ.પૂ.શ્રી ગિરિજાશંકર પણ પોતાના પિતા પાસેથી ઉત્તમ સંસ્કાર ને જ્ઞાન પામેલા. એમના ભકત પરિવારમાં તેઓને પૂ. મોટાભાઈ તરીકે લોકો ઓળખે છે. તેઓ પણ એમના પિતા જેવાજ સમર્થ જ્ઞાની ને સ્વાનુભવી મહાપુરુષ હતા. એમની સહાયથી અનેક જીજ્ઞાસુ ને મુમુક્ષુ આત્માઓ પ્રેરણા પામીને, આધ્યાત્મિક માર્ગે આગળ વધ્યા છે.

તેઓનો અભ્યાસ માત્ર છ ચોપડીનો હતો છતાં તેઓએ જ્ઞાન, ભકિત ને વૈરાગ્યનાં સુંદર પદો નાની વયમાંજ રચ્યાં છે. તેઓના ત્રિકાળજ્ઞાનના પરચા એમના ઉપર શ્રદ્ધા રાખનાર અનેક સાધકોને મળ્યા છે. એક પરંપરાવાળા બ્રાહ્મણ કુટુમ્બમાં જન્મી એમણે પણ અનેકોને શાંતિ આપી છે.

શ્રી દાજી મહારાજ, શ્રી મુગુટરામજી મહારાજ અને શ્રી ગિરિજાશંકર મહારાજ ત્રણેની સમાધિઓ મંજુસરમાં છે. આજે પણ એમના ભકતોને માટે એ તીર્થરૂપ છે.

અનેકાનેક વંદન હો આ ઋષિકુળની બ્રાહ્મણ ત્રિપુટીને જેમણે મંત્ર, યજ્ઞ ને તપનો મહિમા વધાર્યો ને સાચા બ્રાહ્મણ તરીકે જીવી બતાવ્યું.

*

# શ્રી રામકૃષ્ણ પરમહંસ–એક અવતારી મહાપુરુષ (૨)

નારાયણભાઈ જાની

[જુલાઇ, ૮૪ના અંકના અનુસંધાનમાં]

ગૌરી દક્ષિણેશ્વરમાં આવ્યો અને શ્રી રામકૃષ્ણને મળ્યો, તે દિવસે પોતાની વિશેષ શક્તિના પ્રદર્શન વડે તેણે કંઇક કૌતુક થાય એવું દૃશ્ય ખડું કર્યું. કોઇ પણ ધાર્મિક ચર્ચામાં ભાગ લેવા માટે પહોંચીને જાણે કે પોતાની જીત નક્કી કરી લેવાની હોય એ રીતે, ગૌરીએ મા જગદંબાની સ્તુતિની એક કડી रूपं देहि जयं देहि यशो देहि, द्विषो जहि સાથે ખૂબ ખૂબ જોરથી, હ્રીં હ્રીં, હ્રીં બોલતો. શ્રી રામકૃષ્ણે પાછળથી આનું વર્ણન કરતાં કહેલું કે એનો એ અવાજ કોઇ અલૌકિક દૈવી શક્તિથી સંપન્ન હોય તેમ વાદળોના ગડગડાટ જેવો ભયંકર લાગતો. આમ કરતાં કરતાં તે પોતાના જમણા હાથને ડાબા હાથ ઉપર તાલી આપતાં જોરથી પછાડતો; ત્યારે બે કુસ્તીબાજો કુસ્તીના પ્રારંભ પહેલાં પોતાનાં અંગો એક બીજાને ભય પમાડવા થાબડે એવું લાગતું. આની અસર બેવડી થતી. એક તો ડરાવવાની અને બીજી મૂર્છિત કરી દેનારી આના પરિણામે, ગૌરીના જે વિરોધીઓ હોય તે સર્વે એની સાથે અસંમત થવાની પોતાની શકિત ખોઈ બેસતા ને તે પોતે ચર્ચામાં કે વિવાદમાં ભાગ લેવા બેસે તે પહેલાંજ એની જીત થઇ જતી.

ગૌરીની આ ચમત્કારી શકિત વિષે શ્રી રામકૃષ્ણને કશી જાણ ન હતી. પરંતુ, પોતાની હંમેશની ટેવ મુજબ ગૌરીએ



જેવા આ ભય પ્રેરનારા શબ્દોની ગર્જના કરવા માંડી કે અચાનક જાણે કોઈ દિવ્યશકિતએ પ્રેર્યા હોય તેમ શ્રી રામકૃષ્ણ પણ જોર જોરથી એની જેમ, ગર્જના કરતા બોલવા માંડ્યા. આ વખતે એમને ગૌરી કરતાં પણ વધારે પ્રચંડ અવાજ કરવાની શકિત પ્રાપ્ત થઈ ગઈ! ગૌરી ઘડીભર તો આ સામા પડકારથી ડગાઈ ગયો! અને ખૂબ જોરથી મંત્રોચ્ચાર કરવા લાગ્યો રામકૃષ્ણે પણ એનાં કરતાં વધારે મોટેથી ગર્જના કરીને એને પાછો પાડી દીધો. એમના સામ સામા આ પડકારો બે લૂંટારાઓની ટોળીઓ પરસ્પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હોય એવા લાગવા માંડ્યા. આ પ્રચંડ અવાજો સાંભળી દરવાજાની ઉપરના ચોકીયાતો હાથમાં લાકડીઓ લઇને દોડી આવ્યા. પરંતુ આ અવાજો કોણ કરી રહ્યું છે, તે જોઇને તેઓ હસતા હસતા પાછા વળી ગયા. કહેવાય છે કે તે દિવસથી ગૌરીએ પોતાની આવા અલૌકિક અવાજ કરવાની શકિત સદાને માટે ગુમાવી દીધી. આથી તેને શરમિંદા થવું પડયું. તેને લીધે પહેલાં ગુસ્સો પણ આવ્યો. પરંતુ પાછળથી તેય રામકૃષ્ણનો મિત્ર બની ગયો.

બધાજ પંડિતોની હાજરીવાળી પૂર્ણ ચર્ચાસભા, કાલી મંદિરની પાસેના નટમંડપના ભાગમાં મળવાની હતી. વૈષ્ણવ ચરણ, કેટલાક વખતથી કલકત્તામાં રહેતા હોવાથી હજી આવ્યા ન હતા. એટલે શ્રી રામકૃષ્ણે ગૌરીની સાથે ત્યાં પહોંચવા પહેલાં, કાલી માતાના મંદિરમાં જઇ મા જગદંબાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પરંતુ રામકૃષ્ણ ભાવસમાધિમાં અસ્થિર પગલે જેવા મંદિરમાંથી બહાર આવ્યા કે તેમને વૈષ્ણવ ચરણ ભેટી ગયા. તેમણે તેમનાં શ્રી ચરણોમાં પડી સાષ્ટાંગ પ્રણામ કરી, તેમનો ચરણ સ્પર્શ કર્યો. કોઇના પણ

આ રીતે પ્રણામ સ્વીકારતાં ઘણીવાર બનતું તેમ તેમને ભાવ-સમાધિ થઈ જતી. પૂજા કરતાં કરતાં એમની આત્મિક ચેતના-ની શકિત જાણે પ્રકટી ઊઠતી ન હોય ! રામકૃષ્ણ વૈષ્ણવ ચરણના ખભે બેસી ગયા જેથી તેઓના સ્પર્શથી એમને પણ પરમાનંદની પ્રાપ્તિ થાય. આમ થતાંજ વૈષ્ણવ ચરણે રામકૃષ્ણદેવ ઉપરની એક શીઘ્ર સ્તુતિ જોડી કાઢી. પછી જ્યારે રામકૃષ્ણની સમાધિ ઉતરી ત્યારે તેઓ સર્વે ધીમે પગલે ચર્ચાસભાના ખંડમાં જઈને બેઠા. જોકે આ અનુભવની અસરથી તેઓ હજી મુકત થઇ શકયા ન હતા.

ચર્ચાનો પ્રારંભ કરતાંજ ગૌરીએ કહ્યું: રામકૃષ્ણે પોતાની કૃપા પંડિત વૈષ્ણવચરણ ઉપર વરસાવી હોવાથી, આજે હું તેમની સાથે કોઈ પ્રકારની ચર્ચા નહિ કરૂં, કારણ કે જો હું તે કરૂં તો મારી જરૂરથી હાર જ થાય. પરંતુ મારૂં ના પાડવાનું આ ખરું કારણ નથી. સાચી વાત તો એ છે કે આ બાબતમાં કોઇ ચર્ચા કરવાની આવશ્યકતા જ નથી; કારણ કે શ્રીરામકૃષ્ણ એક અવતારી મહાપુરુષ છે, તે વિધાનની સાથે હું સંમત છું. એટલે હવે આ બાબતમાં ચર્ચા કરવાની રહેતી નથી.

જાણે ગૌરીની પરીક્ષા લેતા હોય તેમ, પાછળથી રામકૃષ્ણે પોતાના શરીર તરફ અંગુલિનિર્દેશ કરતાં કહ્યું: "વૈષ્ણવચરણ આને ઈશ્વરનો અવતાર કહે છે, શું તે ખરેખર સાચું છે? મહેરબાની કરી તમારો અભિપ્રાય અમને કહો."

ગૌરીએ સામો જવાબ વાળતાં ઝુસ્સાપૂર્વક કહ્યું " શું વૈષ્ણવચરણ તમોને ઈશ્વરના અવતાર કહે છે? હું તો તેને ઉતરતું વિધાન ગણું છું. હું તો ખાત્રીપૂર્વક માનું છું કે



જેની શકિતથી અવતારો પ્રકટે છે ને તેઓનું દિવ્યકાર્ય પૂર્ણ કરે છે તે પરમશકિતરૂપ પ્રભુ તમે પોતે જ છો. આ સાંભળી-ને રામકૃષ્ણ હસ્યા ને બોલ્યા, "અરે! તમે તો તેમનેય પાછળ પાડી દીધા! ભલે મને તો આની કાંઈ ખબર નથી."

ગૌરીએ જવાબ દેતાં કહ્યું " એ તો એમજ હોવું જોઈએ; કારણ કે શાસ્ત્રો કહે છે કે " તું પોતે કોણ છે તે તું જાણતો નથી."

વાંચક રખે એમ માને કે વૈષ્ણવચરણ તેમજ ગૌરીએ એમનો રામકૃષ્ણ વિષેનો અભિપ્રાય કોઈ કહેવા ખાતર, કોઇ કૃપા મેળવવા અથવા બીજા કોઇ અયોગ્ય પ્રયોજનની પૂર્તિ માટે આપેલો. એ જણાવવું જોઇએ કે તે બન્નેએ પોતાના તે પછીના વર્તનથી એની સચ્ચાઇની પ્રતીતિ કરાવી છે. વૈષ્ણવ-ચરણ તે પછી રામકૃષ્ણ પાસે વારંવાર આવતા, એટલુંજ નહિ પરંતુ તેઓ જે કોઇને મળતા તેને વિના સંકોચ, રામકૃષ્ણદેવ ઈશ્વરના અવતાર છે એમ બેધડક કહેતા. એમ કહેવામાં એમણે વૈષ્ણવોના પંડિત તરીકેની પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચવાનો કોઇ ભય પણ સેવ્યો નથી.

તો બીજી બાજુ, ગૌરી તો કોઇપણ પ્રકારે દક્ષિણેશ્વર સાથેનો પોતાનો સંબંધ તોડી શકયો નહિ. શ્રી રામકૃષ્ણની સાથે એ જેમ જેમ વધુ ને વધુ સમય રહેવા લાગ્યો, તેમ તેમ તેમનો શાસ્ત્રો ને પંડિત પોથીઓમાંથી રસ ઓછો થતો ગયો. હવે તેમને શાસ્ત્રોમાં વાંચેલા આત્મદર્શન માટેની ઝંખના તીવ્ર થવા માંડી. ગૌરી ગૃહસ્થી હતા. તેમનાં પત્ની અને બાળકો તેમને ઘરે પાછા ફરવા માટે સતત પત્રો લખ્યાં કરતાં. છેવટે એમને લાગ્યું કે તેઓ જાતે દક્ષિણેશ્વર આવીને ઘરે

પાછા લઈ જશે. એથી ગૌરીએ સંસારનો ત્યાગ કરવાનો નિર્ણય ઝડપથી લઈ લીધો, રામકૃષ્ણ પાસેથી વિદાય લેતાં એમણે કહેલું કે "ભગવાનનો સાક્ષાત્કાર કર્યા સિવાય હવે હું પાછો નહિ ફરૂ" રામકૃષ્ણે એમની આ શોધ માટે આશીર્વાદ આપ્યા અને તેઓ ચાલી નીકળ્યા. પાછળથી ઘણા લોકોએ એમનું શું થયું ને તેઓ ક્યાં છે, તે જાણવા પ્રયત્નો કર્યા. પરંતુ તે સંબંધે કોઇને કશી માહિતી મળી નહિ.

(ક્રિસ્ટોફર ઈશરવુડને આધારે)

કંઈક કરવાનો પ્રયત્ન કરી નિષ્ફળ જવું સારું છે, કંઈજ ન કરવાની કોશિશ કરી સફળ થવું ખોટું છે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦



# પૂ. શ્રી છેજ. પૂ. માશ્રી સર્વેશ્વરીની અનુભૂતિ

એક સાધક

કોઇપણ તપ કે સાધનાનું પરિણામ અનુભૂતિ છે. શાસ્ત્રોમાં આલેખાયેલ જ્ઞાન પણ છેવટે અનુભૂતિના એરણ ઉપર ચકાસ્યા સિવાય, તે પોતાનું બની શકતું નથી; એટલે આધ્યાત્મિક ક્ષેત્રોના સાધકો, દિવસો, મહિના કે વર્ષો નહિ, પણ અનેક જન્મો સુધી સતત એકધારી તપશ્ચર્યામાં લાગેલા રહે છે, કે જેથી તેઓને પરમ સત્યની અપરોક્ષ અનુભુતિ થાય.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીને ભારે તપશ્ચર્યાના બળે અનેકાનેક અનુભવો થયેલા, જે આજની વિજ્ઞાનની દુનિયામાં ભારે ચમત્કારરૂપ જ લેખી શકાય.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીને પણ તેઓના અતિકઠોર તપરૂપ ઉપવાસોના પરિણામે ઘણા બધા આધ્યાત્મિક અનુભવો થયા છે ને હજી થતા રહે છે. તે બધાંની રજુઆત અત્રે અસ્થાને છે. તેમાંથી ફક્ત પૂ શ્રીના લીલા સંવરણપ્રસંગ પછી તેઓને થયેલ પૂ. શ્રીના અનુભવોનો થોડો ઉલ્લેખ સહુ સાધકભાઈબહેનો માટે શ્રદ્ધાપ્રેરક અને ચિન્તાવિદારક નીવડશે એમ માની અત્રે રજુ કરૂં છું.

સત્યપથમાં પૂ. મા ૧૭ એપ્રિલ '૮૪ સુધી રહ્યાં. પૂ. શ્રીની ભૌતિક ઉપસ્થિતિ સિવાય સત્યપથમાં પૂ. મા માટે એકલાં રહેવાનો આ પહેલોજ પ્રસંગ હતો. પોતાની હયાતી દરમ્યાન,

પૂ. શ્રીએ પૂ. માને એકવાર સહજ રીતે પૂછેલું. "તમે આ સત્યપથમાં એકલાં રહી શકો ખરાં ?

પૂ. માએ કહ્યું "હું એકલી શું કરવા રહું ? તમે તો સાથે હોવજ ને !

પૂ. શ્રીએ કહ્યું; 'અમે તો હોઈએજ. કોઈવાર સ્થૂલસ્વરૂપે, તો કોઈવાર સૂક્ષ્મ સ્વરૂપે'. પૂ. શ્રીના ઉત્તરમાં રહેલ આ અણુસારને પૂ. મા તે વખતે પામી શકેલાં નહિ. છેવટે પૂ. માને એકલાં રહેવાની વાસ્તવિકતા જીવનમાં આવી ઊભી રહી. ત્યારે પૂ. શ્રીએ પોતે કહેલ કથન કેટલું સાચું છે તેની પ્રતીતિ પૂ. માને થઈ.

સત્યપથના એપ્રિલ માસના નિવાસ દરમ્યાન પૂ. માને મનમાં થયાં કરતું કે 'શું હું અહીં એકલી છું ?'

ત્યાં એકદિવસ બ્રાહ્મમુહર્તના સમયમાં પૂ. મા બેઠાં હતાં અને એમને પૂ. શ્રીનો સુસ્પષ્ટ અવાજ ત્રણવાર સંભળાયો. "હું અહીંજ છું. હું અહીંજ છું. હું અહીંજ છું. શ્રીસાંઈબાબા ને ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર-અમે ત્રણ અહીંજ છીએ."

એ અવાજ સાંભળ્યા પછી પૂ. માને અનુભવ થયો કે સાધકોને આકાશવાણી જે સંભળાતી હશે તે આવાજ પ્રકારની હોતી હશે.

* * *

પૂ. માના એકધારા ઉપવાસો વડોદરામાં પણ ચાલુજ રહ્યા. મે ની ૨૬-૨૭ તારીખો એટલે ભર ઉનાળાનો સમય. તે દિવસો દરમ્યાન પૂ. માએ ૪૮ કલાકના પાણી વગરના ઉપવાસો કર્યા. પરિણામે તે પછીના દિવસે પૂ. માને સવારે ઘણી નબળાઇ લાગવા માંડી ને શરીરમાં દુઃખાવો ને તૂટ



જણાયાં. એમને થયું આજે બેસીને જપ થઇ શકશે નહિ. એટલે એમણે પથારીમાં આડા પડી જપ કરવા માંડયા.

એમ કરતાં થોડો સમય થયો હશે. ત્યાં પૂ. માની આંખ મળી ગઇ ને પૂ.શ્રી એકદમ દેખાયા. તેઓ કોઇકની પાસે પાણી માંગી રહ્યા હતા. "પાણી લાવો" ને પાણીનો પ્યાલો હાથમાં લઇ, તેની અંજલિ છાંટતા બોલવા માંડ્યા, "ઊંઘ, તૂટ, પ્રમાદ, આળસ !

ને બીજી ક્ષણે પૂ.મા અર્ધતંદ્રાવસ્થામાંથી બેઠાં થઈ ગયાં ! આ શબ્દોની ગેબી અસર તો એ હતી કે પૂ.માની શારીરિક તૂટ, દુખાવો બધું ક્ષણમાંજ અદૃશ્ય થઇ ગયું ! બીજીજ ક્ષણે શરીર હળવું ફૂલ બની ગયું ! જાણે કોઇ શારીરિક પીડા હતીજ નહિ કેવું અદ્‌ભુત કહેવાય ! પૂ. મા પાછા બેસી જપ કરવા લાગી ગયાં.

* * *

જુલાઇના પ્રથમ સપ્તાહમાં વરસાદ આવવાની શરૂઆત થઇ. તો એક દિવસ પૂ.મા શ્રીજીતુભાઇના ઘરના મેડા ઉપરના કમરામાં બેસી લખતાં હતાં. પૂ. માને થયું "બહાર વરસાદ જોરથી આવે છે. અંદર વાછટ આવશે તો ખાટલા ઉપરની પથારી ભીંજાશે" એટલે પૂ.મા બારી બંધ કરવા ઊભા થયાં ને બારીની આગળી ખોલી નાંખી. એટલામાં કોણ જાણે પવનનો ખૂબ પ્રચંડ સુસવાટો વાયો ને પૂ.માના પ્રયત્ન છતાં, બારીનો એક ભાગ ખૂબ જોરથી ભટકાઈને બંધ થઇ ગયો.

આ બારી આખી કાચની હતી. ભટકાવાને લીધે લગભગ ચાર ફુટ×સવા ફુટનો આખો કાચ જોરથી તૂટીને જમીન ઉપર પડ્યો. એની નાની મોટી રજકણો સમગ્ર ઓરડામાં પથરાઇ

ગઈ. ને મોટા ટુકડા પૂ. માના પગ આગળ પડ્યા. પરંતુ પૂ. માને ક્યાંય સહેજ પણ વાગ્યું નહિ. કાચની એક રજ પણ પેઠી નહિ. જાણે કોઈએ કવચ ધરીને બચાવી લીધાં!

આ આખા પ્રસંગની પરમ આશ્ચર્યકારક ઘટના તો એ દેખાઈ કે પૂ.શ્રીના જે ફોટાની પૂ.મા પૂજા કરતાં, તે ફોટો આ બારીથી લગભગ ૧૦ ફુટ દૂર એક બાજુ હતો. તે આખો-જ ફોટો કાચની નાની મોટી રજકણોથી સંપૂર્ણ છવાઈ ગયો હતો! જ્યારે એની પાસેના બીજા ફોટાઓ ઉપર ખાસ કોઇ કાચની કરચો પડી નહોતી.

પૂ.શ્રીએ પૂ.માને પ્રતીતિ કરાવી કે જુઓ, હું છુંજ એમ નથી. પરંતુ હું તમારૂં રક્ષણ પણ કરૂં છું. હવે તો ખાત્રી થઈને!

આ ઘટનાને શ્રીજીતુભાઇના આખા પરિવારે જોઈ અને ગુરુપૂર્ણિમાએ પૂ. માએ આ ઘટના સ્થળ ઘણા સાધકભાઇ-બહેનોને બતાવ્યું. ત્યારે પૂ.શ્રીની સૂક્ષ્મ ઉપસ્થિતિની અનુભુતિ સહુએ કરી.

પૂ.માજ શું કરવા? જે જે સાધકો પૂ.શ્રીને પ્રેમથી ભજે છે, યાદ કરે છે, તે સહુને પૂ.શ્રી દર્શન આપે છે ને પોતાની સૂક્ષ્મ ઉપસ્થિતિની પ્રતીતિ કરાવે છે.

પૂ.માની આ વાતો સાભળતાં આપણને પણ થાય છે કે પૂ.શ્રી છેજ, એમાં કોઇ શંકા નથી.

(પ.પૂ. માશ્રી સર્વેશ્વરીના વાર્તાલાપને આધારે)



# પૂ.માશ્રી સર્વેશ્વરીનો તપયજ્ઞ ચાલુ છે.

—સર્વેશ્વરી પદરેણુ

પ.પૂ.માશ્રી સર્વેશ્વરીનું તપ અને ઉપવાસો ચાલુ છે. આજે એ ઉપવાસોનો ૧૩૪મો દિવસ છે. (તા. ૩૧-૭-૮૪) એટલે સહેજે વિચાર થાય કે માણસ અન્ન વિના આટલા બધા દિવસો સ્વસ્થતાપૂર્વક જીવી શકે ને સાધનાપરાયણ રહી શકે?

વાત સાચી છે. સામાન્ય માણસ એની કલ્પના પણ ન કરી શકે. એવું જીવવાની વાત તો પછી આવે. પરંતુ દરેક યુગમાં પ્રભુ કેટલાક વ્યક્તિવિશેષોને પ્રકટાવે છે. જે ઉત્તમ તપોમય જીવનના આદર્શને સમાજ જીવનમાં આચરી બતાવી, આધ્યાત્મિક વિકાસના પંથની નવી કેડીઓ કંડારે છે. પ.પૂ.માશ્રી સર્વેશ્વરી પણ એવાંજ એક વ્યક્તિવિશેષ-પરમ ભગવતી સ્વરૂપા મા જગદંબા છે. એમનું તપ તા. ૧૮ માર્ચથી એકધારૂં ચાલે છે. ઉપવાસોને લીધે, એમાં સહેજ પણ મંદતા કે થકાવટ નથી આવી. છેલ્લા દિવસોમાં એ ઉપવાસો સાથે મૌન પણ ભળ્યું છે, એ વિશેષતા છે.

પ. પૂ. મા ઉપર પ્રેમભાવ રાખનારાં અને એમને શ્રદ્ધા-ભક્તિથી નિહાળનારાં હજારો ભાઈબહેનો છે. તેઓ સહુ ઇચ્છે છે કે પૂ. મા તેઓના ઉપવાસો છોડે. તે માટે કેટલાક પત્રો લખે છે, કેટલાક તાર કરે છે, તો કેટલાક દેશ-વિદેશ-થી ટેલિફોન પણ કરે છે.

આ સહુની લાગણી ને માગણી સમજી શકાય છે. તેની પાછળ એમનો પ્રેમજ રહેલો છે. પરંતુ દુનિયામાં કેટલાક

કામો યથા સમયેજ થતાં હોય છે. કાળ એ પણ કોઈપણ કાર્યની સિદ્ધિ માટે એક મોટું પરિબળ છે. એટલેજ ઘણા બધા પ્રયત્નો ને આત્મભોગો પછી પણ કેટલીક આધ્યાત્મિક અનુભૂતિઓ યથાકાળેજ થતી હોય છે. પૂ. માની સાધનાનું પણ એવું જ છે.

આથી સહુ સાધક ભાઈબહેનોને વિનંતી કે તેઓ પૂ. માના સ્વાસ્થ્ય અંગે ચિન્તા ના કરે. ખૂદ પ્રભુજ એમના રાહબર છે ને એમનામાં રહી એજ તપ કરવાનું આંતરિક બળ આપતા રહે છે–પછી ચિન્તા શી?

આપણે તો માત્ર આપણા ગુરૂ અને પ્રભુને પ્રાર્થના કરીએ કે પૂ. માનું ઇપ્સિત ધ્યેય જલ્દીથી પૂર્ણ કરે.

—*—

માણસને શેર બાજરી આપશો તો એ એક દિવસ ખાશે પણ એને બાજરી વાવતાં શીખવી દેશો તો એ જીવનભર ખાશે.

જીવવાનું વરદાન તો અનેકોને મળ્યું છે પણ જ્યોતની જેમ જીવી જાણનાર વ્યક્તિઓ તો વિરલ જ હોય છે.

માનવીનું અંતિમ ધ્યેય તેની ભૌતિક સામગ્રીને રોજે રોજ વધાર્યે જવાનું નથી, એની મૂળભૂત મંઝિલ તો છે વિશ્વ-સર્જકની વધારે ને વધારે નજીક આવવાની.



# મારા દાદાજી– મહાકવિ નાનાલાલ

જ્યોતિબેન ચંદ્રકાન્ત જેરાજાણી

[ નોંધ. જૂન, ૮૪ના અંકથી ચાલુ ]

હરરોજ સાંજે એલીસબ્રીજ સ્ટેશને અમે એમનો સહરો પકડી છુક-છુક ગાડીની રમત રમતાં રમતાં ફરવા જતાં. કોઇક વાર બા પણ અમારી મંડળીમાં જોડાતી. સ્ટેશનને બંને છેડે પાણીની પરબ. પરબવાળા ભાઇઓ દાદાજી માટે પિત્તળનો પ્યાલો માંજીને ચકચકીત કરી જુદો રાખતા. તેમના પ્રેમને વશ થઈ, અમારી ટોળી સ્ટેશનને બંન્ને છેડે પાણી પીવા રોકાતી દાદાજી "બ્રાહ્મણીયા પાણી એવી ગર્જના કરતાં. પાણી પાનાર ભાઇ ખૂબ ખુશ થઈ જતાં તેમને ખબર હતી કે માંજીને જે પ્યાલો દાદાજી માટે અલગ રાખવામાં આવ્યો છે તેની નોંધ દાદાજીએ આ શબ્દો દ્વારા લીધી છે. તેઓ ભાવવશ બનીને મારા દાદાજીને પગે લાગતા.

આખુ એલીસબ્રીજ સ્ટેશન અમારી મંડળીનો સત્કાર કરતું. સ્ટેશનના કર્મચારીઓ "કવિસાહેબ"ની આતુરતાપૂર્વક રાહ જોતા અને વાતોમાં સ્ટેશનના એક છેડાથી બીજા છેડા સુધી ચાલવામાં સાથે જોડાતા.

હરરોજ ઢળતી સાંજે અમારા ઘરમાં દીવા થતા. એક દીવો ઠાકોરજીનો, બીજો દીવો દલપતરામદાદાનો અને ત્રીજો દીવો તુલસીમાનો. બા ઘરમાંથી દીવો લઇને પરસાળમાં આવે દીવાઓ મૂકાય. કુટુંબીઓ ભેગા થાય. અમે પણ દાદાજીના સોફાસેટની આજુબાજુ ગોઠવાઇ જઈએ. દાદાજી હાથમાં એક-

તારો લે. હરિ ૐ બોલી પ્રાર્થના–ભજન સંકીર્તનની શરૂઆત થતી. તેમનું જ રચેલું "પ્રભુ અંતર્યામી" અમે સહુ પ્રેમથી ગાતાં. અમે નાનાં કોઈક વાર રાગડા તાણીએ તો દાદાજી કહેતા "પ્રભુ જુએ છે." દાદાજીની આટલી ટકોર અમારા માટે પૂરતી હતી. પોતાનાં લખેલાં ભજનો પણ ગવાતાં અમને "નંદલાલ નહીં રે આવું ને ઘરે કામ છે" એ ભજન ખૂબ ગમતું. અમારા આગ્રહથી દાદાજી દરરોજ એ ભજન પણ ગાતા. અમારી પાસે "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ! નારાયણ! વાસુદેવ!" ની ધૂન પણ ગવડાવતા.

સત્યના ખૂબ આગ્રહી. સત્સંગી પણ જબરા. ખોટું ના ચલાવી લે. ક્રોધ ખૂબ ચડી જાય. ગર્જનાઓ કરી મૂકતા. એમાંથી પ્રભુ પણ બાકાત નહીં. કોઈક બિમારીને લીધે મારાં ફોઈ વિનિતાબેન મરણ પથારી પર હતાં. દાદાજી એમના માથે બેસી પ્રભુને ખૂબ પ્રાર્થના કરે—"હે પ્રભુ, આ કયાંનો તારો ન્યાય. બાપ બેઠો છે અને દીકરીને લઈ જવા બેઠો છે?" પ્રભુ કૃષ્ણચંદ્ર વિનિતાફોઈની પાંગતે આવી ઊભા રહેલા. તેમને જોઈ દાદાજી ગર્જનાઓ કરવા મંડી ગયા. "તું કઠોર નઠોર" જેવા શબ્દોથી પ્રભુને પણ નવાજ્યા. પ્રભુ તો દાદાજીના ગુસ્સા-માં પણ પ્રેમ જ જોતા હસી રહ્યા. તો કહે. "હસે છે શું? શરમ નથી આવતી તને? મને મૂકીને તું વિનિતાને લઈ જાય છે?" આમ તુંકારો પણ અખિલભુવનના ધણીને કરી લીધો.

તે દિવસે પ્રભુ બંનેને ધરતી પર મૂકીને જ ચાલ્યા ગયા બીજે વર્ષે તે જ સમય તે જ દિવસે પ્રભુ પધાર્યા. દાદાજીએ પ્રેમથી તેમનું સ્વાગત કર્યું. તેમના ગુણગાન ગાયાં. પ્રભુ વિનિતાફોઈના પાંગતે ઊભા રહેલા " જેવી મારા પ્રભુજીની



મરજી. બેનાં જાવ પ્રભુજી સાથે" કહીને વિનિતાબેનને ભાવ-ભરી વિદાય આપેલી.

દર એકાદશીએ ઢાલગરવાડમાં આવેલા સ્વામી નારાયણનાં મંદિરે દર્શન કરવા જતા અને ત્યાં એ જ મંદિરમાં કીર્તન પણ કરતા. દર એકાદશીએ એક ઘોડાગાડીવાળો અચૂક બપોરે ૩–૩ાા વાગે હાજર થઈ જતો. તે વચ્ચે બીજી કોઈ સવારી ન લેતો. અમને સહુને લઈને રાત્રે મંદિરેથી ઘરે મૂકી જતો. કશું જ મહેનતાણું ન લેતો. દાદાજી એને ભગત કહેતા અને તેની નિષ્ઠાની કદર કરીને મંદિરમાં કીર્તન કરવા જતા ત્યારે સાથે જ લઈ જતા.

મારી બા હંમેશાં તેમની સાથે પડછાયાની જેમ જ રહી છે. પછી ભાષણ માટે જવાનું હોય કે મંદિરમાં કીર્તન માટે જવાનું હોય. મેં સદાય બંનેને સાથે જ જોયાં છે. જ્યાં બાનું સ્થાન ના હોય તેવા કોઈ જ આમંત્રણો સ્વીકારતા નહીં. સહુ સમજતા કે બા વગરના દાદાજી ના હોઈ શકે.

સ્વામી સહજાનંદની કવિકુટુંબ પર પૂર્ણ મહેર. જગત છોડવા માટેના સંકેતો પણ કૃષ્ણદર્શન જેવા જ હતા. દલપતરામ દાદાનું આખું મિત્રમંડળ સત્સંગી હતું અને શ્રીજી પ્રભુ પાસે પહોંચવા-ની સહુને તારીખ–દિવસ ખબર હતાં. તેમનાં એક દીકરી વીજીબેન તેમણે મારા મોટાકાકા ડૉકટર મનોહર કવિને જે દિવસે તેઓ જગત છોડવાના હતા તે દિવસે નિશાળે નહીં જવા દીધેલા. તેને બદલે ગૌશાળામાં મોકલીને ગોમૂત્ર અને છાણ તેમની પાસે મંગાવી, પરસાળમાં એક બાજુ જગ્યા ધોવડાવી, સાફ કરાવી, છાણ–ગોમૂત્રથી લીંપાવેલી. તે ચોકા

પર તેઓ પોતે સૂઈ ગયા અને મોટાકાકા કહે, "ભાભીને (માણેકબાને) કહે, વીજીફૈબા શ્રીજી મહારાજ પાસે ગયાં."

દાદાજીને પણ આવો સંકેત મળેલો. ૧-૧-૪૬ના રોજ પ્રભુ પધારેલા અને દાદાજી સૂતા હતા તે પલંગની પાંગતે ઊભા રહેલા "હવે જગતનું કાર્ય પુરુ થાય છે." એવો સંકેત દાદાજીને તેમણે આપેલો. તેમનું છેલ્લું કાવ્ય "આયો આજ તોરે દ્વારે કૃષ્ણ કનૈયો" હતું.

આ વાત તેમણે માણેકબાને કરેલી. તે આ વાત સમજેલી પણ ખરી. માણેકબાને મન મારા દાદાજી માત્ર પતિ જ ન હતા. તેમના પરમ મિત્ર, ગુરુ અને પરમેશ્વર પણ હતા. માણેકબાએ તેમને સહજ ભાવે કહી દીધેલું—"તમે તો અમરધામ જશો. સમય થયે મને પણ લેવા જરૂર આવજો." કેવી અનન્ય નિષ્ઠા !

મારા દાદાજીએ એ વચન પાળેલું. મેં મારી બાને મારા દાદાજી પાછળ કદી રોકકળ કરતાં જોઇ નથી. પરમ શાંતિની દિવ્યમૂર્તિ હતી તે. બીજા અનેક રોનારાંઓને તેને સાંત્વના આપતી મેં જોઇ છે.

૯-૧-૪૬ એ દાદાજીનું શરીર શાંત થયું. માણેકબા ત્યારબાદ લગભગ ૪-૫ વર્ષ રહી. જ્યારે તે પ્રભુધામમાં ગઇ ત્યારે વચન પ્રમાણે મારા દાદાજી તેને લેવા આવ્યા હતા. મારી ફોઇની દીકરી કુસુમબેન જેણે મારા બા-દાદાજીની ખૂબ સેવાચાકરી કરેલી તેને મારા દાદાજીનાં દર્શન થયેલાં.

"જુઓ જુઓ દાદાજી આવ્યા, દાદાજી આવ્યા. બા હસતી હસતી ઊભી થઇ ગઇ, અને એમની સાથે ચાલી ગઇ." એ



શબ્દો બોલતાંની સાથે તે બેભાન થઇ ગયેલી.

પ્રસન્ન દામ્પત્ય આવું જવલ્લે જ જોવા મળે. પ્રભુએ મને તે મોકો આપ્યો તે માટે પ્રભુને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા પડે.

## "ટેરા આ ગયા"

એક વાર મારા પૂજ્ય દાદાજી શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિ અને પૂજ્ય દાદીમા, શ્રીમતી માણેકબા સાથે મારે પ્રભુ કૃષ્ણચંદ્રના દર્શને દ્વારિકા જવાનું થયું. મારા દાદાજી ત્યાંના કૃષ્ણમંદિરમાં કીર્તન કરવાના હતા. કીર્તન એ મારા દાદાજીના જીવનનું અગત્યનું અંગ હતું. અમારા ઘરે દરરોજ સાયંકાળે કીર્તન થતું. અમદાવાદના દાલગરવાડના સ્વામીનારાયણના મંદિરમાં તેઓ દર એકાદશીએ કીર્તન કરવા જતા.

દ્વારિકા પહોંચ્યા એટલે યજમાને કહ્યું, "નાહી, ધોઇ, જમી પરવારો-પછી આરામ કરીને મંદિરે દર્શને જઈશું."

દાદાજી કહે, "પહેલાં દર્શને જશું ત્યાર બાદ પરવારશું અને પછી જ આરામ. જે કામ માટે આવ્યા છીએ તે કામ માટે પ્રભુનાં દર્શન કરી આશીર્વાદ માંગવા તે પ્રથમ કાર્ય છે."

મંદિર રોજ બપોરે પ્રભુને ભોગ ધરાવવા તેમજ આરામ માટે અમુક સમય બંધ રહેતું, તે ઢળતી બપોરે ખૂલતું. અમે સહુ જમ્યા વગર જ મંદિરે ગયાં. પગથિયાં ચડી ઉપર ગયાં સ્હેજ માટે મોડાં પડયાં. પ્રભુને ભોગ ધરાવવા માટે પુજારીજીએ મશરૂમનો ચોકલેટ કલરનો સુંદર પડદો ખેંચી લીધેલો. અમને દર્શનાર્થે આવેલા જોઇ તેમણે કહ્યું, "ટેરા આ ગયા."

"જેવી મારા નાથની ઇચ્છા" એવું કહી મારી બા તો ખેંચેલા પડદાની પરવા કર્યા વગર જ પોતાની સાડીનો પાલવ બે હાથમાં પકડી ઘૂંટણીયે પડીને પ્રભુ હાજરા હજૂર હોય તેમ વંદી રહી. હું જોતી રહી કે બા આ શું કરે છે? કોને વંદન કરે છે? મારી સામે મશરૂમને ચોકલેટ કલરનો પડદો હતો. બાની સામે તે પડદાની પેલે પારના પ્રભુ કૃષ્ણચંદ્ર હતા.

એવામાં કશા જ કારણ વગર, ખેંચાયેલો પડદો, ઉપરથી નીચે ધબ દઈને પડયો. મોટો અવાજ થયો. બાનું નીચે નમેલું મસ્તક સ્હેજ ઊંચું થયું. પ્રભુના દર્શન કરી, "જેવી મારા નાથની ઇચ્છા" એવું કહીને બા એજ રીતે ફરીથી પ્રભુને પગે લાગી. આ વખતે તેની અને મારી નજર સામે મુરલી મનોહર નંદલાલા હતા. તે કેટલાય સમય સુધી "મારા નાથ, મારા નાથ" એમ બોલતી જ રહી. તેની આંખોમાંથી આંસુ વહેતાં જ રહ્યાં.

પૂજારી તો એ આખાય અદ્ભુત બનાવથી ખૂબ જ આશ્ચર્યચકિત બની ગયા! પ્રભુના ભોગમાંથી એમણે અમને પ્રસાદની છાબડી ભરી આપી. પ્રભુ જાણતા હતા કે અમે જમ્યા વગર એમના દર્શને ગયા હતા. અમને પ્રસાદ આપ્યા વગર અખિલભુવન નાયક જો જમે તો તે પ્રભુ કૃષ્ણચંદ્ર શાના!



## લવાજમ વેળાસર મોકલાવો

જે ગ્રાહકોનાં લવાજમો ઓકટો–૮૩ થી શરૂ થયાં છે, તેઓને પોતાનાં લવાજમ વેળાસર–જે તે ધ્યાનકેન્દ્રોના ભાઈઓને પહોંચાડી દેવા વિનંતી છે, જેથી નવા વર્ષથી અધ્યાત્મ વ્યવસ્થિત ચાલુ રહે.

પાંચમા વર્ષનો આ અગિયારમો અંક છે. સપ્ટે–૮૪માં તેઓ સર્વેનું લવાજમ પૂરું થશે, તેની નોંધ લેવા વિનંતી છે. તંત્રીને સીધું લવાજમ M. O. થી પણ મોકલી શકાય છે.

પરદેશના ગ્રાહકોને ખાસ વિનંતી કે તેઓ પોતાના રીન્યુઅલના લવાજમો સપ્ટે. ૮૪ સુધીમાં મોકલાવી આપે. તેઓને એક ખાસ વિનંતી કે દરેક **ગ્રાહક ઓછામાં ઓછા એક નવા ગ્રાહકને મેળવી આપે,** જેથી અધ્યાત્મનો પરદેશમાંનો ફેલાવો વ્યાપક બને. આ પૂ. શ્રી યોગેશ્વરજીનુંજ કામ છે, એમ સમજો.

---

## અભિનંદનીય

ગુરુપૂર્ણિમાના દિને જે ૪૪ જેટલાં ભાઈબહેનોએ અધ્યાત્મના દસ દસ ગ્રાહકો નોંધવાની રસીદબુકો લીધેલી, તેઓમાંથી નીચેનાઓએ ગ્રાહકો નોંધી, પૈસા મોકલાવી આપ્યા છે. આ આ સહુ અભિનંદનના અધિકારી છે.

૧. શ્રી પ્રભુભાઈ હળવદિયા, મોરબી (૧૦ ગ્રાહકો)
૨. ,, રાજેન્દ્રભાઈ ભટ્ટ, બારડોલી (૧૨ ગ્રાહકો)
૩. ,, મોહનભાઈ એલ. ભક્ત, કપુરા (૨૦ ગ્રાહકો)

૪. ,, રમેશભાઇ ભક્ત, કપુરા (૧૦ ગ્રાહકો)
૫. ,, વિઠ્ઠલભાઇ ગોહિલ, ભાવનગર (૩૦ ગ્રાહકો નોંધ્યા છે)
૬. ,, ભારતીબેન કિરીટભાઈ ભક્ત, (૬ ગ્રાહકો)
૭. ,, રેવાશંકરભાઈ પુરોહિત, પાલનપુર (૧૦ ગ્રાહકો)
૮. ,, જે. વી. શાહ, મુંબઇ (૫ ગ્રાહકો)
૯. ,, પ્રદીપ જોષી, વડોદરા (૧૦ ગ્રાહક)
૧૦. ,, પૂર્ણિમાબેન પટેલ વડોદરા (૧૦ ગ્રાહક)
૧૧. ,, ઉષા પી. જોષી ,, (૧૦ ગ્રાહક)
૧૨. ,, મોરબીના એક ભાઇ (૧૦ ગ્રાહક)
૧૩. ,, અમદાવાદના ત્રણ ભાઇઓ (૩૦ ગ્રાહકો)
૧૪. ,, ભરત જીતુભાઈ ગાંધી વડોદરા (૧૦ ગ્રાહકો)
૧૫. ,, વિજય શાંતિભાઇ કનેરિયા (૧૦ ગ્રાહકો)
૧૬. ,, બાલુભાઇ રામજીભાઇ ભાવનગર (૧૦ ગ્રાહકો)
૧૭. ,, ભીખુભાઈ પટેલ, અમદાવાદ (૨૦ ગ્રાહકો)

ખરો માણસતો એ છે કે જે

નાની બાબતો કાળજીથી કરે, મોટી બાબતો સાદાઇથી કરે, સામાન્ય બાબતો સમજથી કરે.

આજના યુગની આ કરુણતા છે. કોઇ સાચું હસી શકતું નથી, તેમ કોઈ સાચું રડી પણ શકતું નથી.



## પૂ. મા શ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહ નિમિત્તે મળેલ સહાય

૫૦૦૦/– શ્રી નિર્મળાબેન ત્રિવેદી, મોરબી હા. નારાયણભાઇ
૧૦૦/– સદર હા. પ. પૂ. માશ્રી સર્વેશ્વરી
૧૦૦૧/– સ્વ. નવીનચંદ્ર મનોરદાસ પારેખના સ્મરણાર્થે હા. તેમના પુત્ર પ્રીતમલાલ પારેખ
૧૦૧/– એક સાધકભાઇ તરફથી, અમદાવાદ

દાતાઓને અભિનંદન. છુટક સહાય નીચે પ્રમાણે છેઃ-

| | | |
|---|---|---|
| ૧. બીનાબેન નટવરલાલ | પનામા | ૨૬૫–૦૦ |
| ૨. રમીલાબેન ,, | ,, | ૨૬૫–૦૦ |
| ૩. લક્ષ્મીબેન દયારામ | ,, | ૧૧૬–૬૦ |
| ૪. રંજનબેન પ્રવીણભાઇ | ,, | ૧૦૮–૬૫ |
| ૫. ઉર્મિલાબેન ભગવાનજી | ,, | ૫૫–૬૫ |
| ૬. હમયંતીબેન ધનસુખભાઇ | ,, | ૫૩–૦૦ |
| ૭. શાંતાબેન મગનભાઇ | ,, | ૫૫–૬૫ |
| ૮. જશુબેન જયંતિભાઇ | ,, | ૫૩–૦૦ |
| ૯. ઉર્મિલાબેન નાનુભાઇ | ,, | ૨૧–૨૦ |
| ૧૦. ઉર્મિલાબેન રમેશભાઇ | ,, | ૫૩–૦૦ |
| ૧૧. રમીલાબેન મથુરભાઇ | ,, | ૫૩–૦૦ |
| ૧૨ લક્ષ્મીબેન બળદેવભાઇ | ,, | ૫૩–૦૦ |
| ૧૩. મહિલામંડળના ભજન નિમિત્તે | | ૫૫૮–૪૮ |

## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મના વાંચકો તરફથી સદ્‌ભાવભરી ભેટ આવતી રહે છે. છેલ્લે મળેલી ભેટની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂ.
૧૧ શ્રી હસુમતીબેન વિઠ્ઠલભાઇ ગોહિલ-જન્મદિન નિમિત્તે
૧૧ શ્રી વી. ટી. મસરાણી તરફથી પુત્ર નિષીદની એસ. એસ. સી. માં સફળતા અંગે.
૨૧ શ્રીમતી વર્ષાબેન દવે તરફથી પતિના જન્મદિન નિમિત્તે.
૨૫ હિમાંશુ પાઠક તરફથી પરીક્ષામાં સફળતા અંગે.
૨૫૦ શ્રી પ્રભુદાસ હળવદિયા તરફથી નાનાભાઈ જયેન્દ્રકુમાર એસ. એસ. સી. માં સારાં માર્કે પાસ થવાથી.
૫૧ શ્રી જે. વી. શાહ મુંબઇ જન્મદિન નિમિત્તે.
૫૧ શ્રી યોગેશકુમાર શાહ ચશ્માવાળાના લગ્ન પ્રસંગે.
૫૧ શ્રી રમણીકલાલ શાહના પૂ. માતાજીના લક્ષ્મીબેનના સ્વર્ગવાસ નિમિત્તે.
૩૦ બાજીપુરાના સાધકબેન તરફથી.

—✻—

## નવા આજીવન સભ્યો

અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્યો નીચે પ્રમાણે છે.

૩૭૩ શ્રી ભાવનાબેન ઠાકોરલાલ ભાવસાર, વડોદરા રૂા. ૨૫૧
૩૭૪ ,, કોકિલાબેન રાજેન્દ્રભાઇ શાહ, વડોદરા રૂા. ૨૫૧



૩૭૫ ,, જેલ સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબ, (લાયબ્રેરી વિભાગ) વડોદરા (એક સત્સંગી તરફથી) રૂા. ૨૫૧
૩૭૬ શ્રી મનોજભાઇ કે શાહ, વડોદરા રૂા. ૨૫૧
૩૭૭ સાબરમતી મધ્યસ્થ જેલ, સાબરમતી (એક સત્સંગી તરફથી) રૂા ૨૫૧
૩૭૮ પ્રવીણાબેન હર્ષદભાઇ પટેલ, વડોદરા. રૂા. ૨૫૧
૩૭૯ શ્રી ગિરીશભાઇ જી. શાહ વડોદરા રૂા. ૨૫૧
૩૮૦ શ્રી ધીરૂભાઇ ભકત. દિગસ, રૂા. ૨૫૧
૩૮૧ શ્રી મારૂબેન હર્ષદભાઇ પટેલ વડોદરા રૂા. ૨૫૧

માણસ સાચા અર્થમાં મહાન ત્યારે બને છે કે જયારે

આનંદભર્યા રહેવાનું મુશ્કેલ બનાવે એવી પરિસ્થિતિ હોય ત્યારે પણ એ આનંદમાંજ રહે છે.

અધીર કરે એવા સંજોગો હોય ત્યારે પણ ધૈર્ય જાળવે છે.

બોલી નાંખવાનું મન થાય ત્યારે પણ મૌન રહે છે.

વિરોધ કરવાનું મન થાય ત્યારે પણ અનુકૂળ થાય છે.

મહત્તાભર્યા જીવનને એક મંગલ સ્વસ્તિક ગણીએ તો આ ચાર મુદ્દા એમના ચાર છેડા થયા.)

# પ. પૂ. શ્રી નારાયણ સ્વામી

શ્રી મણિભાઈ મ. દેસાઇ



હિમાલયના કુમાઉન પ્રદેશમાં 'ખેલા' ખાતે પોતાનો આશ્રમ સ્થાપી, ત્યાંની પહાડી ગરીબ વસ્તીનો પ્રેમ જીતી લેનાર સંત નારાયણ સ્વામીનો લાભ ગુજરાતની જનતાને પણ વીસવર્ષ મળ્યો છે. એમની પ્રવૃત્તિઓનાં ભજન, કીર્તન પ્રવાસ ને વાર્તાલાપ મુખ્ય અંગો હતા. એમનાં ભજનો રાત્રે થતાં ને તેપણ રાત્રે બેત્રણ વાગ્યા સુધી એકધારાં ચાલતાં. એમાં ભાગ લેનાર સમયનું ભાન ભુલી જતા ને એકતાન બની જતા.

પૂ. નારાયણ સ્વામી પ્રવાસો પણ યોજતા. શ્રદ્ધાળુ ભક્તોનું જૂથ એમની હાજરીમાં પ્રવાસની પ્રતિકૂળતાઓ ભૂલી જતું. તો કેટલીયવાર કોઇક ચમત્કારિક રીતે પ્રતિકૂળતાઓ દૂર થઇ ગયાના અનુભવો એમના ભક્તોએ નિહાળ્યા છે.

તેઓએ કદી વ્યાખ્યાન કે પ્રવચન કર્યાં નથી. તેઓ ભક્તો સાથે જે વિનોદી વાર્તાલાપો કરતા, તેમાં તેઓનો ઉપદેશ સારગર્ભિત રહેતો. આ ઉપરાંત, તેઓના ભક્તો પરના પત્રોમાં પણ એમનો ઉપદેશ સચવાઇ રહેલો છે.



'ખેલા' ખાતેના આશ્રમનું હાલનું નામ "કૈલાસ" છે. તે આલ્મોડાથી લગભગ ૧૨૦ માઇલ દૂર ૯૦૦૦ ફૂટની ઉંચાઇ ઉપર આવેલ છે. આ સ્થળે આશ્રમની સ્થાપના પાછળ નારાયણ સ્વામીની સાધના સંકળાયેલી છે. કહેવાય છે કે પિઠોરાગઢ જીલ્લાના સોસા ગામે સ્વામીજી કૈલાસ માનસરોવરની યાત્રાથી પાછા ફરતાં આવ્યા. તે પહેલાં તેઓ તબીયત બગડવાને લીધે ધારચુલાના તપોવન આશ્રમમાં રહી પડ્યા. ત્યાંના જૂના શિવાલયના એકાંતમાં રહી સ્વામીજી સાધના કરતા હતા. ત્યાં તેઓને દિવ્ય જ્યોતિમય પ્રણવનું દર્શન થયું. તે પછી તેઓ વધુ એકાંત સ્થળની શોધમાં સોસા ગામે આવ્યા. ત્યાં પહોંચતાંજ એમને રોમરોમમાં આનંદ પ્રસરી ગયો, ચિત્તતંત્ર પુલકિત થઈ ગયું. એમના મોંઢામાંથી શબ્દો સરી પડ્યા "આજ તપોભૂમિની શોધ હું કરી રહ્યો હતો." થોડીવારમાંજ સ્વામીજી ગાઢ સમાધિમાં ડૂબી ગયા અને લાંબો સમય સુધી અચેતાવસ્થામાં રહ્યા. આ સ્થળેજ 'નારાયણ આશ્રમ'ની પાછળથી સ્થાપના થઇ.

આશ્રમના એક ખૂણામાં શૂન્યતા કુટિર છે. સ્વામીજી ત્યાં ઘણો સમય ધ્યાન અને સમાધિમાં રહેતા. ઇ. સ. ૧૯૪૬માં આશ્રમના મુખ્ય મકાનમાં શ્રી નારાયણ સ્વરૂપની દિવ્ય રૌપ્યમૂર્તિ તેઓશ્રીના સ્વહસ્તે પધરાવવામાં આવી છે. ત્યાં નિયમિત પુજા થાય છે અને સમયાંતરે ઉત્સવો પણ યોજાય છે.

હિમાલયના આ પછાત પહાડી વિસ્તારમાં શિક્ષણ પ્રસારની પણ સ્વામીજીની યોજના હતી તેના એકભાગરૂપે નારાયણનગરમાં પ્રાથમિકશાળાનાં મકાનો ઉપરાંત બાપુ મહાવિદ્યાલય નામની ઇન્ટર મિડિયેટ આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ છે. ત્યાં છાત્રાલય અને ઔષધાલય પણ છે.

પ્રેમ હિમાલયનાં એ અભણ, ભૂખ્યાં, નાગાં બાળકોને મુક્ત-પણે આપી, એમના જીવનમાં જ્ઞાનનો તેજ પાથર્યાં.

સ્વામીજીએ ઉગતી પેઢીના યુવાનોને પ્રભુમય જીવન જીવવાનો સંદેશો આપ્યો. સ્વામીજીના પોતાના જીવનમાં ભારતીય સંસ્કારો તેમજ પશ્ચિમની આધુનિક બુદ્ધિગમ્ય વૈજ્ઞાનિક દૃષ્ટિનો સુભગ સમન્વય દેખાતો. એથી તેઓ સમાજના શિક્ષિત-વર્ગને પણ પોતાના તરફ આકર્ષી શક્યા અને તેઓના સહકાર-થી હિમાલયના રમ્ય વાતાવરણમાં આશ્રય સ્થાપી શક્યા.

૧૯૫૬ના નવેમ્બરની ૯ તારીખે કેન્સરની બિમારીની ચિત્તરંજન કેન્સર હોસ્પીટલ, કલકત્તામાં સારવાર લેતાં, તેઓ બ્રહ્મલીન થયા. આમ છતાં પૂ. સ્વામીજીની સૂક્ષ્મ સ્વરૂપે હયાતીનો અનુભવ તેમના ઘણા ભક્તો આજે પણ કરે છે.

પ્રભુની લીલા કેવી અકળ છે ! માનવી જન્મે છે ક્યાં, જીવે છે ક્યાં ને પોતાની કર્મભૂમિ ક્યાં બનાવે છે, ને આખરે ચિરવિદાય ક્યાં ને કેવી રીતે લે છે, તે કોણ કહી શકે ? પૂ. નારાયણ સ્વામીના જીવનમાં આપણે તે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ.

વડોદરાનું 'નારાયણ સ્મૃતિ' એમની પ્રવૃત્તિઓનુ કેન્દ્ર બન્યું છે. આજે ઘણી બધી સ્વામીજીની પ્રવૃત્તિઓનું સંચાલન ત્યાંથી થાય છે. કહો કે સ્વામીજી ભક્તોને પ્રેરણા આપી, ત્યાંથી કરાવે છે. એવા સદ્‌ગુરુ નારાયણસ્વામીને અનેકાનેક વંદન હો !

---

અધ્યાત્મને શુભેચ્છા......

આપણે જેવા વિચાર કરીએ છીએ તેવા આપણે થઇએ છીએ એ અર્ધું સત્ય છે, જેવાં કાર્યો કરીએ છીએ એવાજ આપણે બનીએ છીએ એ પૂર્ણસત્ય છે. આપણા વિચારો કાર્યો ને દોરે છે એ સત્ય જ્યારે મનમાં બરાબર પ્રતિષ્ઠિત થશે ત્યારે આપણે ધન્યતાના રાજમાર્ગે ચાલવા લાગ્યા હોઇશું.

*** શ્રી જીનવાલા એન્જીનિયર્સ ***

૬૭૬, જી. આઇ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા, વડોદરા–૩૯૦ ૦૧૦

અધ્યાત્મને શુભેચ્છા........

ઈર્ષ્યા એ મનની નાનપ દર્શાવે છે. આપણામાંના મોટા ભાગના માણસો એવું માને છે કે ગમે તેવા વિરાટ, ગગનચુંબી ડુંગરને આપણે ક્ષણવારમાં ખોદી નાંખી શકીએ–જો કોઇ આપણા રસ્તામાં રોડાં ખેસવી આપે તો.

*** એશિયન ઇન્ડસ્ટ્રીઝ ***

૧૮૪, જી. આઇ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા, વડોદરા–૩૯૦ ૦૧૦

## સાધનાનું રહસ્ય

આત્મિક વિકાસની સાધનામાં જેમ જેમ આગળ વધશો, અને ચોક્કસપણે આગળ વધશો, તેમ તેમ સ્વાનુભવના આધાર પર તમે સમજી શકશો કે તમારા સમગ્ર જીવનની પાછળ એક અસાધારણ અથવા અલૌકિક શક્તિ કે ચેતના કામ કરી રહી છે. તે તમને માર્ગદર્શન આપી કે દોરી રહી છે, તથા તમારી પ્રત્યેક પ્રવૃત્તિ પર ચાંપતી નજર રાખી રહી છે. એટલું જ નહિ એ શક્તિની યોજના કે ઈચ્છા પ્રમાણે જ તમારું સમગ્ર જીવન ચાલે છે. એ વાતની તમને ખાતરી થશે, ત્યારે તમારો બધોજ અહંકાર ઓગળી જશે, અને કર્તાપણાના મિથ્યાભિમાનમાંથી તમને મુક્તિ મળશે.

પછી તો પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિ કરતી વખતે તમારી જાતને તમે એ અનંત, સર્વોપરી શક્તિના હાથમાં હથિયાર-રૂપ માનશો તથા તમારા મનને એનામાં કેન્દ્રિત રાખશો. એમ કરવામાં તમને કોઈ જાતનો પરિશ્રમ નહીં પડે. પરંતુ એવી અનુભૂતિ કે માન્યતા તમારે માટે સાવ સ્વાભાવિક બની જશે. પછી તમારાથી પ્રવૃત્તિ થશે ખરી. પરંતુ પ્રવૃત્તિ તમારે માટે બાધક કે બંધનકારક નહીં બને.

એ અલૌકિક અને સનાતન શક્તિનું વધારે ને વધારે અનુસંધાન સાધવા તમે તત્પર બનશો અને એનો સાક્ષાત્કાર કરવા માટે જીવનની પ્રત્યેક પળને કામે લગાડી દેશો. એક-વાર એ ચૈતન્યના સંપર્કમાં આવ્યા પછી બધી રીતે નિશ્ચિંત ને નિર્ભય બની જશો. એની સાથે ઉત્તરોત્તર એકરૂપ થઈ-ને શાંતિ અનુભવશો અને જીવનનો સાચો આનંદ માણી શકશો. પછી સમર્પણ તમારા માટે કોઈ સાધના નહીં, સ્વભાવ બની જશે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨